# VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
University Campus, Udhna-Magdalla Road, SURAT – 395 007

# વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના–મગદલ્લા રોડ, સુરત – ૩૯૫ ૦૦૭

**(Accredited B++ equivalent to Five Star status by NAAC)**

✆ : 2227141 to 2227146 | ✆ : ૨૨૨૭૧૪૧ થી ૨૨૨૭૧૪૬

**Fax** : (0261) 2227312 | **ફેક્સ :** (૦૨૬૧) ૨૨૨૭૩૧૨

**Gram** : VNSGU | **તાર :** વીએનએસજીયુ

**E-mail :** sgu@sguernet.in


**ખાનગી** | **સિન્ડિકેટની સામાન્ય સભા**

**ફકત સભ્યોની જાણ માટે** | **તા. ૪–૧–૨૦૦૭**

સિન્ડિકેટની સામાન્ય સભા ગુરૂવાર, તા.૪–૧–૨૦૦૭ ના રોજ બપોરે ૨: ૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયના સમિતિખંડમાં મળી હતી. જેમાં સભ્યોની હાજરી નીચે મુજબ હતી.

## –: <u>કાર્યવાહી</u> :–

| **ક્રમ** | | **તા. ૪–૧–૨૦૦૭** |
|---|---|---|
| ૧. | ડૉ. રમેશચંદ્ર જી. કોઠારી (કુલપતિશ્રી) | હાજર |
| ૨. | શ્રી જયેશ વી. દેશકર (ઉપ–કુલપતિશ્રી) | હાજર |
| ૩. | ડાયરેકટર ઓફ હાયર એજયુકેશન અથવા તેમના પ્રતિનિધિ. | ગેરહાજર |
| ૪. | ડાયરેકટર ઓફ ટેકનીકલ એજયુકેશન અથવા તેમના પ્રતિનિધિ. | ગેરહાજર |
| ૫. | ડાયરેકટર ઓફ હેલ્થ એન્ડ મેડિકલ સર્વિસીસ એન્ડ મેડિકલ એજયુકેશન અથવા તેમના પ્રતિનિધિ. | ગેરહાજર |
| ૬. | આચાર્ય ડૉ. ભાસ્કર મહેન્દ્ર રાવલ | હાજર |
| ૭. | આચાર્ય શ્રી જયંતીલાલ મગનલાલ નાયક | હાજર |
| ૮. | ડૉ. કેશવભાઈ સી. પટેલ | હાજર |
| ૯. | ડૉ. શશીકાંત જી. શાહ | હાજર |
| ૧૦. | શ્રી હેમંતકુમાર જેઠાલાલ ટોપીવાલા | ગેરહાજર |
| ૧૧. | શ્રી દિપક ઈશ્વરલાલ આફ્રિકાવાલા | હાજર |
| ૧૨. | શ્રી સંજયકુમાર ઇશ્વરલાલ દેસાઈ | હાજર |
| ૧૩. | શ્રી હોશંગ જહાંગીરજી મીરઝા | હાજર |
| ૧૪. | શ્રી નૈષધ ભૂપતભાઈ દેસાઈ | હાજર |
| ૧૫. | શ્રી મયૂરભાઈ ચૌહાણ | ગેરહાજર |
| ૧૬. | આ. શ્રી યોગેશભાઈ લક્ષ્મીશંકર ભટ્ટ | હાજર |
| ૧૭. | શ્રી દિનેશભાઈ દાસા | ગેરહાજર |
| ૧૮. | ડૉ. ઘનશ્યામભાઈ રાવલ | હાજર |
| ૧૯. | ડૉ. વિપુલ જમનાદાસ સોમાણી | હાજર |
| ૨૦. | આ.ડૉ. ઉપેન્દ્રભાઈ ઠાકોરભાઈ દેસાઈ | હાજર |

**શ્રી મયૂરભાઈ ચૌહાણ બિમાર હોવાથી પ્રસ્તુત સભામાં હાજર રહેવાની અશકિત દર્શાવી હતી, જેની જાણ માનનીય કુલપતિશ્રીને કરી હતી.**

# <u>શોક દર્શક ઠરાવ</u>

**સ્વ.શ્રી સૂરજરામ બચકાનીવાલા :**

સુરત શહેરના પ્રતિષ્ઠિત ઉદ્યોગપતિ શ્રી સૂરજરામ બચકાનીવાલાનું અચાનક થયેલ દુઃખદ અવસાન બદલ સિન્ડિકેટની આજની સભા શોક વ્યકત કરે છે. તથા સદ્‌ગતના આત્માને ચિરશાન્તિ અર્પવા અને એમના પરિવારને આઘાત સહન કરવાની પરમ કૃપાળુ પરમાત્મા શકિત અર્પે તેવી પ્રાર્થના કરે છે.

**નવા નિમાયેલ સિન્ડિકેટ સભ્યશ્રી આ. ડૉ. ઉપેન્દ્રભાઈ ઠાકોરભાઈ દેસાઈને આવકાર્યા.**

૧. સિન્ડિકેટ, તા. ૧૭–૧૦–૨૦૦૬ની સામાન્ય સભાની કાર્યવાહીની નોંધને બહાલી આપવા બાબત.

:: આથી ઠરાવવામાં આવે છે કે, સિન્ડિકેટની તા. ૧૭–૧૦–૦૬ની સામાન્ય સભાની કાર્યવાહી મંજુર કરવામાં આવે છે.

૨. નેશનલ કાઉન્સિલ ફોર ટીચર એજયુકેશન, નવી દિલ્હીનાં ચેરપર્સનશ્રી પ્રો. એસ. કે. ઠાકુરનાં તા. ૪–૧૨–૨૦૦૬નાં પત્રાંકઃ ૪૯(એ)–૪/ ૨૦૦૬/ એનસીટીઈ (એન એન્ડ એસ)– પીટી/ ૬૧૧૧૭ ઉપર વિચારણા કરવા બાબત.

(સિન્ડિકેટ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, ભરૂચ જિલ્લા આદર્શ સેવા મંડળ, માંગરોળ, જિ.ઃ નર્મદા સંચાલિત શ્રી નર્મદા કોલેજ ઓફ એજયુકેશન, મુ.પો.ઃ માંગરોળ, તા.ઃ નાંદોદ, જિ.ઃ નર્મદાને ઘ્યાને રાખી N.C.T.E. સામે સુપ્રિમ કોર્ટમાં કાનૂની કાર્યવાહી કરવી.

૩. સાર્વજનિક એજયુકેશન સોસાયટી, સુરત સંચાલિત શ્રી રામકૃષ્ણ ચેરીટેબલ ટ્રસ્ટ સાર્વજનિક ઈન્સ્ટિટયૂટ ઓફ કોમ્પ્યુટર એજયુકેશન (બી.એસસી. કોમ્પ્યુટર સાયન્સ તથા બી.એસસી. માઈક્રોબાયોલોજી)નું નવું નામ નામકરણ "શ્રી રામ કૃષ્ણ ઈન્સ્ટીટયુટ ઓફ કોમ્પ્યુટર એજયુકેશન એન્ડ એપ્લાઈડ સાયન્સીઝ" કરેલ છે અને બી.એસસી. (કોમ્પ્યુટર સાયન્સ અને માઈક્રોબાયોલોજી) આ બંને કોર્ષ તથા સંસ્થાના વિકાસમાં ભવિષ્યમાં નવા અભ્યાસક્રમો પણ આજ સંસ્થાના હેઠળ ચલાવવા અંગેની જાણ તથા વિનંતી કરતા પ્રસ્તુત સોસાયટીના મંત્રીશ્રીના તા.૨૮–૯–૨૦૦૬ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

(સિન્ડિકેટ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, સાર્વજનિક એજયુકેશન સોસાયટી, સુરત સંચાલિત શ્રી રામકૃષ્ણ ચેરીટેબલ ટ્રસ્ટ સાર્વજનિક ઈન્સ્ટિટયૂટ ઓફ કોમ્પ્યુટર એજયુકેશન (બી.એસસી. કોમ્પ્યુટર સાયન્સ તથા બી.એસસી. માઈક્રોબાયોલોજી)" નું નામ તેમના પત્રમાં દર્શાવ્યા મુજબ "શ્રી રામ કૃષ્ણ ઈન્સ્ટીટયુટ ઓફ કોમ્પ્યુટર એજયુકેશન એન્ડ એપ્લાઈડ સાયન્સીઝ" રાખવા માટેની મંજૂરી નિયમોનુસાર ફી લઈને આપવી.

૪. યુનિવર્સિટી સંલગ્ન નવસારીની એચ.આર.શાહ મહિલા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજની જૂન, ૧૯૯૮થી ચાલુ કાયમી ધોરણે જોડાણ મેળવવા માટેની જોડાણઅરજીના સંદર્ભમાં સ્થાનિક તપાસસમિતિના અહેવાલમાં જણાવેલ શરતોના સંદર્ભમાં સિન્ડિકેટે, નિયુક્ત કરેલ ચકાસણી સીમિતના સભ્યોએ સ્થળ પર રૂબરૂ મુલાકાત લઈ, યુનિવર્સિટીને મોકલેલ ચકાસણી સમિતિના અહેવાલ ઉપર વિચારણા કરી, સિન્ડિકેટે તેની તા. ૧૪–૬–૨૦૦૨ના રોજ મળેલ સભામાં બાબત ક્રમાંકઃ (૧૪) અન્વયે, પ્રસ્તુત કોલેજને ચકાસણી સમિતિનો અહેવાલ મોકલવો અને તાકીદે (પેરાવાઈઝ) પૂર્તતા કરવા જણાવવું એમ ઠરાવ્યું છે, પ્રસ્તુત ઠરાવના સંદર્ભમાં કોલેજનાં આચાર્યશ્રીને જણાવતાં સદરહુ કોલેજના ઈન્ચાર્જ આચાર્યશ્રીએ યુનિવર્સિટીને કાર્યાલયને મોકલેલ પૂર્તતાના અહેવાલ ઉપર વિચારણા કરી સિન્ડિકેટે તેમના તા. ૧૯–૧૨–૨૦૦૨ના રોજ મળેલ સભામાં બાબત ક્રમાંક (૨) અન્વયે, નિમેલ ચકાસણીસમિતિનાં સભ્યોએ લાંબા સમય સુધી સદરહુ સંસ્થાની મુલાકાત ન લેતાં, સદરહુ ચકાસણી સમિતિ રદ કરી મા.કુલપતિશ્રીએ નવી નિમેલ ચકાસણી સમિતિનાં સભ્યોએ પ્રસ્તુત સંસ્થાની મુલાકાત લઈ ચકાસણી સમિતિનો અહેવાલ ઉપર વિચારણા કરવા બાબત.

(સિન્ડિકેટ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી સંલગ્ન નવસારીની એચ.આર.શાહ મહિલા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજને શૈક્ષણિક વર્ષઃ ૨૦૦૬–૨૦૦૭ સુધી શરતોને આધીન જોડાણ મંજૂર કરવું તેમજ રીર્પોટમાં જણાવેલ ક્ષતી પૂર્તતા તાત્કાલિક કરવાં જણાવવું તેમજ શૈક્ષણિક વર્ષઃ ૨૦૦૭–૦૮ માટે લેઈટ ફી સાથે નવી અરજી કરાવવી અને મેનેજમેન્ટને બોલાવી સંસ્થાના પ્રશ્નોના નિરાકરણ માટે ચર્ચા કરવા નીચે જણાવેલ સભ્યોની સમિતિ બનાવવામાં આવે છે.

(૧)આ.શ્રી જે.એમ.નાયક (સિન્ડિકેટ સભ્ય)(૨)આ.ડૉ.યુ.ટી.દેસાઈ (સિન્ડિકેટ સભ્ય)
(૩)શ્રી સંજયભાઈ દેસાઈ (સિન્ડિકેટ સભ્ય) (૪)શ્રી દિનેશભાઈ દાસા (સિન્ડિકેટ સભ્ય)
(૫)શ્રી નૈષધભાઈ દેસાઈ (સિન્ડિકેટ સભ્ય)

૫. જય રીસર્ચ ફાઉન્ડેશન, વલવાડા (જિ.ઃ વલસાડ) ની " રેક્ગ્નાઈઝડ ઈન્સ્ટિટયૂટ " તરીકેની માન્યતા સને ૧૯૯૭–૯૮ માટે શરતોને આધીન લંબાવી આપવામાં આવી હતી. ત્યારબાદ સને ૧૯૯૮–૯૯ માટે માન્યતા મેળવવા માટે પ્રસ્તુત સંસ્થાએ અરજી કરી નથી. તથા અન્ય કોઈ પત્ર વ્યવહાર યુનિવર્સિટી કાર્યાલય સાથે કરેલ નથી. યુનિવર્સિટી કાર્યાલયે તા. ૩૧–૫–૨૦૦૬ના પત્રાંકઃ એસ–એ(જય)/૫૪૭૦/ ૨૦૦૬થી કેટલીક માહિતી દિન–૧૦ માં મોકલી આપવા જણાવ્યું હતું (પત્ર સામેલ છે) પરંતુ આજ દિન સુધી સંસ્થાએ કોઈ જવાબ મોકલ્યો નથી. આ સંજોગોમાં આગળની શી કાર્યવાહી હાથ ધરવી

(સિન્ડિકેટ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, જય રીસર્ચ ફાઉન્ડેશન, વલવાડા (જિ.ઃ વલસાડ) એ માન્યતા માટે અરજી ૧૯૯૮થી ન કરેલ હોઈ ની " રેક્ગ્નાઈઝડ ઈન્સ્ટિટયૂટ " તરીકેની માન્યતા રદ કરવી.

૬. આર્ટેમીસ રીસર્ચ એન્ડ ડેવલપમેન્ટ સેન્ટર( જી.આઈ.ડી.સી.) વાપીને " એપ્રુવ્ડ ઈન્સ્ટિટયૂશન " તરીકેની માન્યતા સને જૂન, ૧૯૮૯ થી ત્રણ વર્ષ માટે શરતોને આધીન લંબાવી આપી હતી. ત્યાર બાદ સને ૧૯૯૨–૯૩ માટે માન્યતા માટે પ્રસ્તુત સંસ્થાએ અરજી કરી નથી. તથા અન્ય કોઈ પત્રવ્યવહાર યુનિવર્સિટી કાર્યાલય સાથે કરેલ નથી. યુનિવર્સિટી કાર્યાલયે તા. ૩૧–૫–૨૦૦૬ના પત્રાંકઃ એસ–એ(આર્ટે)/૫૫૭૭/ ૨૦૦૬ થી કેટલીક માહિતી દિન–૧૦ માં મોકલી આપવા જણાવ્યુ હતું (પત્ર સામેલ છે.) પરંતુ આજ દિન સુધી સંસ્થાએ કોઈ જવાબ મોકલ્યો નથી. આ સંજોગોમાં આગળની શી કાર્યવાહી હાથ ધરવી તે અંગે વિચારણા કરવા બાબત.

(સિન્ડિકેટ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, આર્ટેમીસ રીસર્ચ એન્ડ ડેવલપમેન્ટ સેન્ટર ( જી.આઈ.ડી.સી.) વાપીએ માન્યતા માટે ૧૯૯૩થી અરજી ન કરેલ હોઈ " એપ્રુવ્ડ ઈન્સ્ટિટયૂશન " તરીકેની માન્યતા રદ કરવી.

૭. યુનિવર્સિટીના ઓર્ડિનન્સ–૬૬ **(A)**, **(B)** માં નીચે જણાવેલ અભ્યાસક્રમોની જોડાણ અરજી ફી (નવી/ ચાલુ/ વધારાની/ કાયમી) તથા વિદ્યાર્થી દીઠ જોડાણ ફી નો ઉલ્લેખ ન હોઈ, તે આમેજ કરી ફી નકકી કરવા અંગે વિચારણા કરવા બાબત.

| | | |
|---|---|---|
| **ઓર્ડિનન્સ–૬૬(એ)(અનુદાન પાત્ર)** | (૧) | ડિપ્લોમાં ફાર્મસી (**D. Pharm**) જોડાણ અરજી ફી (નવી/ ચાલુ/વધારાની/ કાયમી) |
| **ઓર્ડિનન્સ–૬૬(બી) (સ્વનિર્ભર)** | (૧) | ડિપ્લોમાં ફાર્મસી (**D. Pharm**) જોડાણ અરજી ફી (નવી/ ચાલુ/ વધારાની/ કાયમી) તથા વિદ્યાર્થી દીઠ જોડાણ ફી |
| | (૨) | બી.એસસી. (ફેશન અને એપરલ ડીઝાઈન) જોડાણ અરજી ફી (નવી/ચાલુ/વધારાની/ કાયમી) તથા વિદ્યાર્થી દીઠ જોડાણ ફી |
| | (૩) | બી.એસ.ડબલ્યુ (**BSW**) જોડાણ અરજી ફી (નવી/ ચાલુ/ વધારાની/કાયમી) તથા વિદ્યાર્થી દીઠ જોડાણ ફી |
| | (૪) | બી.એસસી.(બાયોકેમેસ્ટ્રી) જોડાણ અરજી ફી (નવી/ ચાલુ/ વધારાની/કાયમી) તથા વિદ્યાર્થી દીઠ જોડાણ ફી |
| | (૫) | અંડર ગ્રેજયુએટ ડીપ્લોમાં ઈન ફાઈનાન્સીયલ મેનેજમેન્ટ જોડાણ અરજી ફી (નવી/ ચાલુ/ વધારાની/ કાયમી) તથા વિદ્યાર્થી દીઠ જોડાણ ફી |

(સિન્ડિકેટ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત બાબત કાર્યાલય નોંધ સાથે પુનઃ સિન્ડિકેટ સમક્ષ રજૂ કરવી.

૮. શ્રી સહકાર એજયુકેશન ટ્રસ્ટ, સુરત દ્વારા શૈક્ષણિક વર્ષઃ ૨૦૦૬–૨૦૦૭થી નવો સ્વનિર્ભર ડિપ્લોમાં ફાર્મસીનો અભ્યાસ શરૂ કરવામાં આવ્યો છે. આ ડિપ્લોમાં ફાર્મસી કોલેજનું નામ શ્રી ધન્વંતરી ફાર્મસી કોલેજ **(D. Pharm)** ને બદલે હવેથી શ્રી ધન્વંતરી ડિપ્લોમાં કોલેજ ઓફ ફાર્મસી સુધારણા કરી, પત્રવ્યવહાર શ્રી ધન્વંતરી ડિપ્લોમાં કોલેજ ઓફ ફાર્મસીના નામે કરવા અંગેની વિનંતી કરતાં પ્રસ્તુત ટ્રસ્ટનાં મંત્રીશ્રીનાં તા. ૨૪–૬–૨૦૦૬નાં પત્રાંકઃ **SET/539/06** ઉપર વિચારણા કરવા બાબત.

(સિન્ડિકેટ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી સહકાર એજયુકેશન ટ્રસ્ટ, સુરત સંચાલિત શ્રી ધન્વંતરી ફાર્મસી કોલેજ **(D. Pharm)**નું નામ તેમના પત્રમાં દર્શાવ્યા મુજબ " શ્રી ધન્વંતરી ડિપ્લોમાં કોલેજ ઓફ ફાર્મસી" રાખવા માટેની મંજૂરી નિયમોનુસાર ફી લઈને આપવી.

૯. યુનિવર્સિટી સંલગ્ન સી.ડી. પચ્ચીગર કોલેજ ઓફ હોમિયોપેથીક મેડીસીન, સુરત માટે રાજય સરકારનાં શિક્ષણ વિભાગનાં તા.૪–૩–૨૦૦૬ના પત્રનં. દગજ – ૧૫૨૦૦૦ – ૫૮૯ – ભાગ. ૩–ખ.૧ નો સ્વીકાર કરતાં સદર સંસ્થાએ વર્ષઃ ૨૦૦૫–૨૦૦૬નાં પ્રથમ વર્ષના શરતી જોડાણ અંગે આપેલ બાંહેધરી પત્રક મુજબની શરતોની પૂર્તતા સમયસર પૂર્ણ કરેલ ન હોય તથા આ સંદર્ભ શિક્ષણ વિભાગે તા. ૩૦–૧–૨૦૦૬નાં પત્રથી સંસ્થાએ આપેલ બાંહેધરીપત્રનાં ઉલ્લંઘન તેમજ તે અંગે સંસ્થા સામે નિયમાનુસાર પગલા શા માટે ન ભરવા તે પ્રકારનો ખુલાસો માંગવા છતાં તેમણે ખુલાસાની પૂર્તતા ન કરેલ હોય, કોલેજનું જોડાણ શા માટે પાછું ખેંચી ન લેવું તે માટેના કારણો લેખિતમાં યુનિવર્સિટી અધિનિયમની કલમ–૩૯ મુજબ પ્રસ્તુત નોટિસ મળ્યાની તારીખથી પંદર દિવસમાં યુનિવર્સિટીને મોકલવાનું અત્રેના તા.૧૫–૭–૨૦૦૬નાં પત્રથી જણાવતા સદરહું સંસ્થાનાં ઈ.ચા. આચાર્યશ્રીએ તેમના તા.૨૮–૭–૨૦૦૬નાં પત્રાંકઃ સીડીપીસીએચએમ/૩/૨૦૦૬– ૨૦૦૭/ ૩૫૩ થી મોકલેલ ખુલાસાને યુનિવર્સિટી અધિનિયમની કલમ–૩૯(૪) હેઠળ વિચારણા કરવા બાબત.

**(નોંધઃ** ૧. સંસ્થાનાં ઈ.ચા.આચાર્યશ્રીએ તા. ૨૮–૭–૨૦૦૬ના પત્રથી મોકલેલ ખુલાસાની નકલ આ સાથે બિડાણ તરીકે સામેલ છે.

૨. યુનિવર્સિટી અધિનિયમ કલમ–૩૯(૪) ની નકલ.

૩. અત્રેના તા. ૧૫–૭–૨૦૦૬થી સંસ્થા પાસેથી મંગાવેલ ખુલાસાનાં પત્રની નકલ બિડાણ તરીકે સામેલ છે.

૪. શિક્ષણવિભાગ, ગાંધીનગરના કાયદેસરની કાર્યવાહી કરવા અંગેતા.૪–૩ – ૨૦૦૬ નાં પત્રની નકલ બિડાણ તરીકે સામેલ છે.

૫. શિક્ષણ વિભાગ, ગાંધીનગરનાં સંસ્થાને લખેલ તા. ૩૦–૧–૨૦૦૬નાં પત્રની નકલ બિડાણ તરીકે સામેલ છે.

૬. સિન્ડિકેટ, તેની તા. ૨૧–૪–૨૦૦૬ની સભામાં બાબત ક્રમાંકઃ (૧૮૨) અન્વયે વિચારણા કરી નીચે મુજબ ઠરાવ્યું છે :

:: આથી ઠરાવવામાં આવે છે કે, શૈક્ષણિક વર્ષઃ ૨૦૦૬–૦૭ની સ્થાનિક તપાસસમિતિનો રીપોર્ટ જોતાં નીચેની બાબતો ધ્યાનમાં આવે છે.

(૧) સદર સંસ્થાએ ગત વર્ષે સ્થાનિક તપાસસમિતિએ (વર્ષઃ ૨૦૦૫–૦૬ની) દર્શાવેલી ક્ષતિઓ પૈકી મહદઅંશે ક્ષતિઓનું નિવારણ/ પૂર્તતા કરી નથી.

(૨) યુનિવર્સિટી સિન્ડિકેટે શૈક્ષણિક વર્ષઃ ૨૦૦૫–૦૬ના વર્ષમાં સંસ્થાની બેદરકારીને ધ્યાને લઈ જોડાણ ન આપવાની રાજય સરકારને કરેલ ભલામણ બાબતે રાજય સરકારે બાહેધરી લઈને આપેલ શરતી જોડાણની બાબતો/ શરતોની પૂર્તતા પણ સંસ્થાએ હજી સુધી કરેલ નથી. જે સંસ્થાની ગંભીર બેદરકારી બતાવે છે.

લાંબી ચર્ચા વિચારણાને અંતે વધુમાં ઠરાવવામાં આવે છે કે, સંસ્થાની આ વર્ષની સ્થાનિક તપાસસમિતિનાં રીપોર્ટ તથા એકેડેમિક કાઉન્સિલની ભલામણનો સ્વીકાર કરવામાં આવે છે અને સદર સંસ્થાની ગંભીર બેદરકારીઓને જોતાં શિક્ષણક્ષેત્રે યુનિવર્સિટીની છબીને પણ નુકસાન થાય છે ત્યારે આ સંસ્થાને જયાં સુધી ક્ષતીઓની પૂર્તતા ન કરે ત્યાં સુધી પ્રવશો/ જોડાણ ન આપવાં રાજય સરકારને ભલામણ કરવામાં આવે છે.**)**

(સિન્ડિકેટ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, રાજય સરકારના શિક્ષણ વિભાગના તા.૪–૩–૨૦૦૬ના પત્ર નં. દગજ–૧૫૨૦૦૦–૫૮૯–ભાગ.૩–ખ.૧ પ્રમાણે યુનિવર્સિટી સિન્ડિકેટે રાજય સરકારના આદેશ અનુસાર યુનિવર્સિટીની કલમ ૩૯ હેઠળ પગલા ભરવા સંસ્થાને નોટીસ આપેલ હતી તે સંદર્ભે સંસ્થાનો તા. ૨૮–૭–૨૦૦૬ના પત્ર નં. સીડીપીસીએચએમ/ ૩/ ૨૦૦૬–૦૭/ ૩૫૩ ખુલાસો ધ્યાને લેતાં આ ખુલાસો ન સ્વીકારતાં તેમની સામે જોડાણ પાછું ખેંચવાની કાર્યવાહી અંતર્ગત ચાલતી કાર્યવાહીને મંજૂર રાખી આગામી એકેડેમીક કાઉન્સિલ સમક્ષ કલમ ૩૯ (૪) અંતર્ગત વિચારણા માટે મૂકવી.

**૧૦.** યુનિવર્સિટી એક્ટ **16(1) Class II - Ordinary Members (A) (iv) (c)** મુજબ યુનિવર્સિટી વિસ્તારમાં કાર્યરત જીલ્લા પંચાયતના પ્રમુખશ્રીને રોટેશનથી યુનિવર્સિટી સેનેટનું સભ્યપદ આપવાની જોગવાઈ છે જે જોગવાઈમાં ભરૂચ–વડોદરા અને વલસાડ જીલ્લાના વિભાજનથી રાજપીપળા અને નવસારી જીલ્લો અસ્તિત્વમાં આવતા (રેવેન્યુ વિભાગના જાહેરનામાથી) તે જીલ્લામાં કાર્યરત જીલ્લા પંચાયતના પ્રમુખશ્રીને **Statute 12-A** માં આમેજ કરી નીચે મુજબ વાંચનમાં લઈ અમલ કરવા વિચારણા કરવા બાબત.

1. President, Distric Panchayat, Broach.
2. President, Distric Panchayat, Bulsar.
3. President, Distric Panchayat, Surat.
4. President, Distric Panchayat, Dang.
5. President, Distric Panchayat, Narmada.
6. President, Distric Panchayat, Navsari.

(સિન્ડિકેટ)

:: આથી બહુમતીએ ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી એક્ટ **16(1) Class II - Ordinary Members (A) (iv) (c)** મુજબ યુનિવર્સિટી વિસ્તારમાં કાર્યરત જીલ્લા પંચાયતના પ્રમુખશ્રીને રોટેશનથી યુનિવર્સિટી સેનેટનું સભ્યપદ આપવાની જોગવાઈ છે જે જોગવાઈમાં નીચે જણાવેલ જીલ્લામાં કાર્યરત જીલ્લા પંચાયતના પ્રમુખશ્રીને **Statute 12-A** માં સુધારા સહિત આમેજ કરવા સેનેટને ભલામણ કરવામાં આવે છે.

1. President, Distric Panchayat, Bharuch.
2. President, Distric Panchayat, Valsad
3. President, Distric Panchayat, Surat.
4. President, Distric Panchayat, Dang.
5. President, Distric Panchayat, Narmada.
6. President, Distric Panchayat, Navsari.

**૧૧.** ગવર્નમેન્ટ મેડીકલ કોલેજ, સુરતને મેડીકલ કાઉન્સિલ ઓફ ઈન્ડિયાને વધારાની ૩૦ સીટ મંજૂર કરેલ છે જે ઉપર એકેડેમિક કાઉન્સિલે તેની તા.૧૪/૦૭/૦૬ ની સભાના ઠરાવ ક્રમાંકઃ ૭૫ અન્વયે કરેલી નીચે ભલામણ પર વિચારણા કરવા બાબત.

**એકેડેમિક કાઉન્સિલની તા. ૧૪/૦૭/૦૬ની સભાની ભલામણ ક્રમાંકઃ ૭૫**

:: આથી ઠરાવવામાં આવે છે કે, ગવર્નમેન્ટ મેડીકલ કોલેજ, સુરતને મેડીકલ કાઉન્સિલ ઓફ ઈન્ડિયાએ વધારાની ૩૦ સીટ અંગે આપેલ મંજૂરી માન્ય ગણવી, અને તે પ્રમાણે ૧૨૦ + ૩૦ = ૧૫૦ વિદ્યાર્થીઓનું એનરોલમેન્ટ કરવું.

(શૈક્ષણિક)

:: આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની તા. ૧૪–૭–૨૦૦૬ની સભાની ભલામણ ક્રમાંકઃ (૭૫)નો યથાવત સ્વીકાર કરવો.

**૧૨.** પરીક્ષા આચાર સમિતિની તા. ૩૦–૯–૨૦૦૬ની સભાની કાર્યવાહીની નોંધ તથા ભલામણો પર વિચારણા કરવા બાબત.

:: આથી ઠરાવવામાં આવે છે કે, પરીક્ષા આચાર સમિતિની તા. ૩૦–૯–૨૦૦૬ની સભાની કાર્યવાહીની નોંધ તથા ભલામણો **પરિશિષ્ટમાં** આપ્યા મુજબ મંજૂર કરવી.

**(પરિશિષ્ટઃ ક )**

(પરીક્ષા)

**૧૩.** પરીક્ષા આચાર સમિતિની તા. ૧૧–૧૦–૨૦૦૬ની સભાની કાર્યવાહીની નોંધ તથા ભલામણો પર વિચારણા કરવા બાબત.

(પરીક્ષા)

:: આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે, પરીક્ષા આચાર સમિતિની તા.૧૧–૧૦–૨૦૦૬ની સભાની કાર્યવાહીની નોંધ તથા ભલામણ ક્રમાંકઃ ૧ અને ૨ **પરિશિષ્ટમાં** આપ્યા મુજબ યથાવત મંજૂર કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, ભલામણ ક્રમાંકઃ (૩) બહુમતીએ **પરિશિષ્ટમાં** આપ્યા મુજબ યથાવત મંજૂર કરવામાં આવે છે.

**(પરિશિષ્ટઃ ખ )**

**૧૪.** પરીક્ષા આચાર સમિતિની તા. ૧૮–૧૧–૨૦૦૬ની સભાની કાર્યવાહીની નોંધ તથા ભલામણો પર વિચારણા કરવા બાબત.

(પરીક્ષા)

:: આથી બહુમતીએ ઠરાવવામાં આવે છે કે, પરીક્ષા આચાર સમિતિની તા.૧૮–૧૧–૨૦૦૬ની સભાની કાર્યવાહીની નોંધ તથા ભલામણ ક્રમાંકઃ ૨, ૩ અને ૪ **પરિશિષ્ટમાં** આપ્યા મુજબ મંજૂર કરવી. તેમજ ભલામણ ક્રમાંકઃ ૧ માં વિદ્યાર્થીઓને પરીક્ષા આચાર સમિતિએ કરેલી સજા મંજૂર કરી આગળની કાર્યવાહી હાથ ધરવી.

**ભલામણ ક્રમાંકઃ ૧ બાબતે** વધુમાં ઠરાવવામાં આવે છે કે, આ કોલેજમાં નિમાયેલ સિનિયર સુપ્રિ.ઓફ એકઝામ અને એક્ષટર્નલ સુપ્રિ. ઓફ એકઝામને હવે પછી આ પ્રકારની ગેરરીતી ન થાય તે જોવાની ખાસ તાકીદ કરવા તેમજ હવે પછી આ પ્રકારની ગેરરીતી માલૂમ પડશે તો પરીક્ષા કેન્દ્ર બંધ કરવા માટેની આચાર્ય/ મેનેજમેન્ટને તાકીદ કરવી.

**(પરિશિષ્ટઃ ગ )**

**૧૫.** આગામી જાન્યુઆરી ૨૦૦૭માં યોજાનાર ૩૮માં વાર્ષિક પદવીદાન સમારંભ પ્રસંગે મેડીસીન વિદ્યાશાખા હેઠળ બેચલર ઓફ ફિજીયોથેરાપી ( **Bachelor of Physiotherapy** ) ની પદવી એનાયત કરવાની હોઈ, પ્રસ્તુત પદવીના પ્રમાણપત્ર છપાવી વિદ્યાર્થીને એનાયત કરવા માટે કાર્યાલયે તૈયાર કરેલ ખરડા પર વિચારણા કરવા બાબત.....

(પરીક્ષા)

:: આથી ઠરાવવામાં આવે છે કે, આગામી જાન્યુઆરી ૨૦૦૭માં યોજાનાર ૩૮માં વાર્ષિક પદવીદાનમાં બેચલર ઓફ ફિજીયોથેરાપી (**Bachelor of Physiotherapy**) ની પદવી મેડીસીન વિદ્યાશાખા હેઠળ એનાયત કરવાની હોઈ, પ્રસ્તુત પદવીમાં **<u>ફેકલ્ટી ઓફ મેડીસીનનો ઉલ્લેખ</u>** કરી પ્રમાણપત્ર એનાયત કરવા મંજૂરી આપવામાં આવે છે.

૧૬. ગર્વમેન્ટ મેડિકલ કોલેજ, સુરતના એનેટોમી ડિર્પાટમેન્ટના હેડ ડૉ. (મીસીસ) એસ. ભાગવતનો તા.૨૬–૬–૦૬નો પત્ર આદેશાનુસાર પરીક્ષા આચાર સમિતિની તા. ૧૨–૭–૦૬ની સભામાં રજુ કરતાં પરીક્ષા આચાર સમિતિની સભાના ઠરાવ મુજબ ડૉ. (મીસીસ) એસ. ભાગવતની અરજ માન્ય રાખવી કે ન રાખવી તે અંગેનો સ્પષ્ટ અભિપ્રાય મેડિકલ ફેકલ્ટીન ડીનશ્રી પાસે મંગાવવો અને તે ડીનશ્રીનો અભિપ્રાય સિન્ડિકેટમાં મુકવા ઠરાવેલ હોય, જે ડીનશ્રીના અભિપ્રાય અંગે વિચારણા કરવા બાબત…

(પરીક્ષા)

:: આથી ઠરાવવામાં આવે છે કે, તબીબી વિદ્યાશાખા હેઠળની યુનિવર્સિટી પરીક્ષામાં ડૉ. (મીસીસ) એસ. ભાગવત કયા કલરની પેન અને પેન્સિલ વાપરવા અંગે મંજૂરી માંગે છે તે અંગેનો સ્પસ્ટ અભિપ્રાય મંગાવ્યા બાદ પ્રસ્તુત બાબત પુનઃ સિન્ડિકેટ સમક્ષ રજૂ કરવી.

૧૭. સને ૨૦૦૭ના વર્ષ માટે યુનિવર્સિટી દ્વારા વિવિધ વર્તમાન પત્રોમાં આપવાની થતી જાહેરાતના સંદર્ભમાં એડર્વટાઈઝીગ એજન્ટની નિમણૂંક કરવા અંગે વર્તમાન પત્રોમાં ટેન્ડરો મંગાવવામાં આવ્યા હતાં જે પૈકી નિયત મુદતમાં કુલ (૩) પાર્ટીઓના ટેન્ડરો કાર્યાલયને મળ્યા હતાં. જેનું આ સાથે સામેલ તુલનાત્મક પત્રક પર વિચારણા કરવા બાબત.

(વહીવટી)

:: આથી ઠરાવવામાં આવે છે કે, સને ૨૦૦૭ના વર્ષ માટે યુનિવર્સિટી દ્વારા વિવિધ વર્તમાન પત્રોમાં આપવાની થતી જાહેરાતના સંદર્ભમાં એડર્વટાઈઝીગ એજન્ટની નિમણૂંક કરવા અંગે આવેલ ટેન્ડરો પૈકી સૌથી ઓછા ભાવ ભરનાર મે. પૂનમ એડ્સ, સુરતની એડર્વટાઈઝીગ એજન્ટ નિમણૂંક કરવી અને ભાવતાલ કરવાની સત્તા મા. કુલપતિશ્રીને આપવી.

૧૮. યુનિવર્સિટીની પરીક્ષાની કામગીરી તેમજ અન્ય કામગીરી માટે ભાડે વાહનો (રેટ કોન્ટ્રાકટ થી ) કરવા અંગે વર્તમાનપત્રોમાં ટેન્ડર નોટીસ આપી ટેન્ડરો મંગાવવામાં આવ્યા હતાં. જે પૈકી નિયત સમય મર્યાદામાં કુલ (ચાર) ૪ પાર્ટીઓના ટેન્ડરો કાર્યાલયને મળ્યા હતા. જે અંગે આ સાથે સામેલ તુલનાત્મક પત્રક પર વિચારણા કરવા બાબત.

(વહીવટી)

:: આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીની પરીક્ષાની કામગીરી તેમજ અન્ય કામગીરી માટે ભાડે વાહનો (રેટ કોન્ટ્રાકટ થી ) કરવા અંગે મળેલ ટેન્ડર પૈકી સૌથી ઓછા ભાવ ભરનાર સાંઈરથ ટ્રાવેલ્સ, સુરતનું ભાવપત્રક મંજૂર કરવું અને ભાવતાલ કરવાની સત્તા મા. કુલપતિશ્રીને આપવી.

૧૯. યુનિવર્સિટીના ગણિતશાસ્ત્ર અનુસ્નાતક વિભાગના રીડર ડો. પી. એ. ગજ્જર યુ.કે. (વિદેશ)ની મુલાકાતે જવા તા. ૧૨–૩–૨૦૦૫ થી તા. ૨૦–૬–૨૦૦૫ ૭૦ દિવસ હકક રજા અને અર્ધપગારી રજા તે વિભાગના વડાશ્રી મારફત મંજુર કરાવી ગયા હતા ત્યાર બાદ તેઓએ તા. ૧–૭–૨૦૦૫ના પત્રથી તા.૨૧–૬–૨૦૦૫ થી તા. ૩૧–૧૨–૨૦૦૫ સુધી એટલે કે, ૧૯૪ દિવસ બિનપગારી રજા મંજુર કરી રજા લંબાવવા અને જાન્યુઆરી–૨૦૦૬ના પ્રથમ અઠવાડિયા થી જોડાવા વિનંતી કરેલ, ત્યાર બાદ તેમના તરફથી કોઈ પણ પ્રકારનો પત્ર કે જાણ કરવામાં આવી નથી જે સબબ તેઓને આ કાર્યાલયના પત્ર ક્રમાંકઃ જન/ એસ્ટા/ ટી/ ૯૮૧૪/ ૨૦૦૬ તા.: ૨૦–૯–૨૦૦૬થી નોકરી પર હાજર થવા જણાવવા છતાં આજદિન સુધી તેઓએ કોઈ લેખિત કે મૌખિક જાણ કરી નથી. જેથી ડો. ગજ્જરના કેસમાં આગળની શી કાર્યવાહી કરવી તે અંગે વિચારણા કરવા બાબત.

(વહીવટી)

:: આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીના ગણિતશાસ્ત્ર અનુસ્નાતક વિભાગના રીડર ડો. પી. એ. ગજ્જરને ફરજ પર હાજર થવા જાણ કરવી તેમજ ગેરહાજરી અંગે સ્પષ્ટતા માંગવી.

૨૦. યુનિવર્સિટી કાર્યાલયમાં કોન્ટ્રાકટ બેઝીઝ તેમજ સરકારશ્રીની બોલી અને શરતોને આધિન પાંચ વર્ષિય કરાર આધારિત હાલમાં નિમણૂંક પામેલ વહીવટી કર્મચારીઓની પરીક્ષાની તાકીદની કામગીરી તેમજ વિભાગ વાર જે તે અધિકારીશ્રીઓના આદેશાનુસાર અગત્યની વહીવટી કામગીરીનો નિકાલ કરવા જાહેર રજાઓ તેમજ બીજો શનિવાર, ચોથો શનિવાર કે રવિવારના દિવસો દરમિયાન કાર્યાલય બંધ હોય ત્યારે કાર્યાલયની કામગીરી કરવા બોલાવવામાં આવે છે. તેવા સંજોગોમાં આ કર્મચારીઓ દ્વારા અવેજીની રજાનો લાભ આપવા / મંજૂર કરવા આવતી અરજીઓ સંદર્ભમાં નીચે જણાવેલ સરકારશ્રીની બોલીઓ અને શરતોના ક્રમાંકઃ (૯) અને (૧૦) માં કરેલ જોગવાઈ અંતર્ગત લાભ આપી શકાય કે કેમ ? તે અંગે વિચારણા કરવા બાબત.

**સરકારશ્રીની બોલીઓ અને શરતોની ક્રમાંકઃ (૯) અને (૧૦) નીચે દર્શાવેલ છે..**

(૯) સમાન સંવર્ગના અધિકારીએ જે ફરજો બજાવવાની થતી હોય તેવી ફરજો બજાવવાની રહેશે. તે માટે કચેરીમાં ફરજ પાલનનો જે સમય નિયત કરેલ હોય તે સમય પ્રમાણે કચેરીમાં હાજરી આપવાની રહેશે. તેમજ પ્રાઈવેટ પ્રેકટીસ કે અન્યત્ર પાર્ટટાઈમ નોકરી કરી શકાશે નહીં. જાહેર રજાના દિવસોએ પણ સરકારી કામગીરીની જરૂરીયાતને અનુલક્ષીને ફરજ બજાવવા જણાવવામાં આવે તો તે મુજબ ફરજ બજાવવાની રહેશે.

(૧૦) કરારના સમય દરમ્યાન વાર્ષિક ધોરણે ૧૨ પરચૂરણ રજા મળવાપાત્ર થશે. અન્ય કોઈ રજા મળવાપાત્ર થશે નહીં. તે સિવાયની રજા ભોગવશે તો તે રજાના પગારની કપાત કરી લેવામાં આવશે. મહીલા કર્મચારીઓને રજાના નિયમો મુજબ પ્રસુતિ રજાઓ મળવાપાત્ર થશે.

(વહીવટી)

:: આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી કાર્યાલયમાં સરકારશ્રીની બોલીઓ અને શરતોને આધીન પાંચ વર્ષિય કરાર આધારિત (ફકત ફિકસ પગાર રૂા. ૨૫૦૦/–) પર ફરજ બજાવતા કર્મચારીઓને અવેજીની રજા બદલ નિયમ અનુસાર રજાના દિવસનું ૪ (ચાર) કલાક સુધી રૂા.૫૦ તથાં ૬ (છ) કલાક સુધી રૂા. ૭૫ અને ૮ (આઠ) કલાકનાં રૂા. ૧૦૦ આપવાં.

૨૧. યુનિવર્સિટી કાર્યાલયમાં બઢતીથી એક વર્ષના અજમાયશી સમય પર નિમણૂંક પામેલ નીચે જણાવેલ કર્મચારીઓના નામ સામે જણાવેલ તારીખે કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત.

| ક્રમ | કર્મચારીના નામ | હોદ્દો | બઢતીની તારીખ | કાયમ કરવાની તારીખ |
|---|---|---|---|---|
| ૧. | શ્રી કે. કે. શાહ | કેશીયર | ૧૭–૧૨–૨૦૦૫ | ૧૬–૧૨–૨૦૦૬ |
| ૨. | શ્રી એ. આઈ. દેસાઈ | હેડકલાર્ક | ૧૭–૧૨–૨૦૦૫ | ૧૬–૧૨–૨૦૦૬ |

(વહીવટી)

:: આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી કાર્યાલયમાં બઢતીથી એક વર્ષના અજમાયશી સમય પર નિમણૂંક પામેલ ઉપરોકત જણાવેલ કર્મચારીઓને જેતે તારીખથી તેમના હોદ્દા પર કાયમી નિમણૂંક આપવી.

૨૨. યુનિવર્સિટીના આંકડાશાસ્ત્રના અનુસ્નાતક વિભાગમાં તા. ૨–૧૧–૨૦૦૬ના રોજ થી રીડરની જગા પર હાજર થયેલ ડૉ. આરતી રાજગુરુને નીચે જણાવેલ સ્ટેટયૂટ–૨૯૩માં કરેલ જોગવાઈ અંતર્ગત તે વિભાગના રીડર એન્ડ હેડ તરીકે નિમણૂંક કરવા અંગે વિચારણા કરવા બાબત.

સ્ટેટયૂટ–૨૯૩માં નીચે મુજબની જોગવાઈ છેઃ

**STATUTE - 293 :**

There shall be a head of the Department for each Department to be appointed by the Syndicate. The Syndicate shall appoint the senior most full time teacher not below the rank of a Reader from amongst the staff of the Department work as the Head of the Department. The whole time University Teacher appointed to act temporarily as the Head of University Department in the place of the permanent incumbent on leave shall not be considered to occupy the office under the designation of the Head of University Department for the purpose of Section 16 (I) Class I (C) (i) and Section 19 (1) (vi).

Notwithstanding anything contained above the Senior most whole time University Teacher not below the rank of a Reader in the Department appointed as officiating Head of the Department in a permanent vacancy caused by the death, retirement, resignation or termination of Services or such other reason shall be deemed to hold office for the purposes mentioned above.

(વહીવટી)

:: આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીના આંકડાશાસ્ત્રના અનુસ્નાતક વિભાગમાં રીડર અને હેડની જગા પર ડૉ. આરતીબેન રાજગુરુને સ્ટેટયૂટ–૨૯૩માં કરેલ જોગવાઈ અંતર્ગત પ્રસ્તુત વિભાગના રીડર એન્ડ **(Officiating Head)** હેડ તરીકે નિમણૂંક કરવામાં આવે છે.

૨૩. સને ૨૦૦૬–૦૭નાં શૈક્ષણિક વર્ષ માટે અનુસ્નાતક વિદ્યાર્થીઓને શિષ્યવૃતિ અને શિક્ષણ લવાજમ સહાય એનાયત કરવા અંગેની સમિતિની પુર્નરચના કરવા અંગે વિચારણા કરવા બાબત.

**નોંધઃ** સને ૨૦૦૫–૦૬નાં શૈક્ષણિક વર્ષની પ્રસ્તુત સમિતિ પર નીચેનાં સભ્યો હતા.

| | | | |
|---|---|---|---|
| (૧) | ડૉ. કિરણ પંડયા | (૨) | ડૉ. પી. કે. હિરાધર |
| (૩) | ડૉ. અપૂર્વ એ. દેસાઈ | (૪) | આ.શ્રી જે.એમ. નાયક |
| (૫) | ડૉ. યુ.ટી.દેસાઈ | (૬) | ડૉ. પી.એચ. ભાઠાવાલા |
| (૭) | આ.શ્રી ઈશ્વરભાઈ એમ. પટેલ | (૮) | ડૉ. એ.એસ. અબાણી |
| (૯) | ડૉ. કે.આર.કાપડીયા | | |

(અનુસ્નાતક)

:: આથી ઠરાવવામાં આવે છે કે, સને ૨૦૦૬–૦૭નાં શૈક્ષણિક વર્ષ માટે અનુસ્નાતક વિદ્યાર્થીઓને શિષ્યવૃતિ અને શિક્ષણ લવાજમ સહાય એનાયત કરવા અંગે નીચે મુજબની સમિતિની રચના કરવામાં આવી છે.

| | | | |
|---|---|---|---|
| (૧) | ડૉ. કિરણ પંડયા | (૨) | ડૉ. ઈ.વી. રામકૃષ્નન |
| (૩) | ડૉ. અપૂર્વ એ. દેસાઈ | (૪) | આ.શ્રી જે.એમ. નાયક |
| (૫) | ડૉ. યુ.ટી.દેસાઈ | (૬) | ડૉ. પી.એચ. ભાઠાવાલા |
| (૭) | આ.શ્રી ઈશ્વરભાઈ એમ. પટેલ | (૮) | ડૉ. શશીકાંત જી. શાહ |
| (૯) | ડૉ. કે.આર.કાપડીયા | (૧૦) | ડૉ. મીનૂ પરબીયા |

૨૪. શૈક્ષણિક વર્ષઃ ૨૦૦૬–૨૦૦૭થી સર.કે.પી. કોલેજ ઓફ કોમર્સ, સુરતમાં પી.જી. ડીપ્લોમાં ઈન ઈન્ટર્નલ ઓડીટ **(P.G.D.I.A.)** અભ્યાસક્રમ સ્વનિર્ભર ધોરણે શરૂ કરવામાં આવેલ હોય, સદર કોલેજના સામેલ તા. ૧૨–૧૦–૨૦૦૬ના પત્ર અન્વયે, **(P.G.D.I.A.)** (પી.જી.ડીપ્લોમા ઈન ટેક્ષ મેનેજમેન્ટ) નું સિન્ડિકેટમાં મંજૂર થયેલ ફી નું ધોરણ જ **(P.G.D.I.A.)** અભ્યાસક્રમ માટે મંજૂર કરવા કરેલ રજૂઆત પર વિચારણા કરવા બાબત.

(અનુસ્નાતક)

:: આથી ઠરાવવામાં આવે છે કે, શૈક્ષણિક વર્ષઃ ૨૦૦૬–૨૦૦૭થી સર.કે.પી. કોલેજ ઓફ કોમર્સ, સુરતમાં પી.જી. ડીપ્લોમાં ઈન ઈન્ટર્નલ ઓડીટ **(P.G.D.I.A.)** અભ્યાસક્રમનું કુલ ફીનું ધોરણ વાર્ષિક રૂ. ૧૧,૦૦૦/– નિયત કરવું.

**૨૫.** સને ૨૦૦૬–૦૭નાં શૈક્ષણિક વર્ષ માટે પીએચ.ડી. અને એમ.ફીલ.પદવી માટે નોંધાયેલા વિદ્યાર્થીઓને યુનિવર્સિટી સંશોધન શિષ્યવૃતિ એનાયત કરવા અંગેની સમિતિની પુર્નરચના કરવા અંગે વિચારણા કરવા બાબત.

**(નોંધ:** સને ૨૦૦૫–૦૬નાં શૈક્ષણિક વર્ષની પ્રસ્તુત સમિતિ પર નીચેનાં સભ્યો હતા.**)**

| | | | |
|---|---|---|---|
| (૧) | ડૉ. બી.વી. આચાર્ય | (૨) | ડૉ. શશીકાંત શાહ |
| (૩) | ડૉ. વિક્રમ બી. દેસાઈ | (૪) | ડૉ. કે. સી. પટેલ |
| (૫) | ડૉ. વિપુલ સોમાણી | (૬) | ડૉ. સગુના પાથે |
| (૭) | પ્રા. ઈશ્વરભાઈ બી. પટેલ (ફિઝીકસ) | | |

(અનુસ્નાતક)

:: આથી ઠરાવવામાં આવે છે કે, સને ૨૦૦૬–૦૭નાં શૈક્ષણિક વર્ષ માટે પીએચ.ડી. અને એમ.ફીલ.પદવી માટે નોંધાયેલા વિદ્યાર્થીઓને યુનિવર્સિટી સંશોધન શિષ્યવૃતિ એનાયત કરવા અંગે નીચે જણાવેલ સભ્યોની નિમણૂંક કરવી.

| | | | |
|---|---|---|---|
| (૧) | ડૉ. બી.વી. આચાર્ય | (૨) | ડૉ. શશીકાંત શાહ |
| (૩) | ડૉ. વિક્રમ બી. દેસાઈ | (૪) | ડૉ. કે. સી. પટેલ |
| (૫) | ડૉ. વિપુલ સોમાણી | (૬) | ડૉ. સગુના પાથે |
| (૭) | ડૉ. ઈશ્વરભાઈ બી. પટેલ (ફિઝીકસ) | | |

**૨૬.** મહિલા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, નવસારીનાં ગુજરાતી વિભાગનાં પ્રાધ્યાપક બી. આર પવાર તરફથી અનુસ્નાતક કક્ષાએ મુલાકાતી શિક્ષક તરીકે અન્ય કોલેજમાં શિક્ષણકાર્ય કરવા માટે ન જવા દેવા બાબતે મળેલ તા. ૫–૧૨–૨૦૦૬ના પત્ર પર વિચારણા કરવા બાબત.

(અનુસ્નાતક)

:: આથી ઠરાવવામાં આવે છે કે,

(૧) મહિલા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, નવસારીનાં ગુજરાતી વિભાગનાં પ્રાધ્યાપક બી.આરપવારને ફાળવવામાં આવેલ અનુસ્નાતક કક્ષાએ મુલાકાતી શિક્ષક તરીકે અન્ય કોલેજમાં શિક્ષણકાર્ય કરવા માટે જવા દેવા મંજૂરી આપવી.

(૨) યુનિવર્સિટી અનુસ્નાતક કેન્દ્રમાં ચાલતા અનુસ્નાતક અભ્યાસ માટે માન્ય કરવામાં આવેલ શૈક્ષણિક સ્ટાફને આપેલ શૈક્ષણિક કાર્યભાર જે તે શૈક્ષણિક સત્રની મધ્યમાં પરત ખેંચવા નહી.

(૩) મહિલા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, નવસારીનાં આચાર્યએ યુનિવર્સિટીના તંત્રને ખોરંભે પાડવાનો પ્રયત્ન કર્યો હોવાથી તેમને શિક્ષકની માન્યતા કેમ રદ ન કરવી તે પ્રકારની શો કોઝ નોટીસ પાઠવવી. તથા જો શિક્ષકોને પી.જી. સેન્ટરમાં જવા દેવા માટે જો મંજૂરી ન આપે તો શિક્ષકની માન્યતા રદ કરવાની સત્તા મા. કુલપતિશ્રીને આપવી.

**૨૭.** **Ph.D.** ના માર્ગદર્શક શિક્ષક બનવા માટે જે તે અરજીકર્તા શિક્ષકનું સંશોધન સાહિત્ય બહારનાં તજજ્ઞોને મૂલ્યાંકન માટે મોકલવામાં આવે છે તેમાં બહારનાં તજજ્ઞોને માનદ્ પુરસ્કાર/ વેતન કે ટપાલખર્ચ આપવાની જોગવાઈ નથી તે અંગે વિચારણા કરવા બાબત.

(અનુસ્નાતક)

:: આથી ઠરાવવામાં આવે છે કે, **Ph.D.** ના માર્ગદર્શક શિક્ષક બનવા માટે જે તે અરજીકર્તા શિક્ષકનું સંશોધન સાહિત્ય બહારનાં તજજ્ઞોને મૂલ્યાંકન માટે મોકલવામાં આવે છે તેમાં બહારનાં તજજ્ઞોને માનદ્ પુરસ્કાર/ વેતન પેટે રૂા. ૩૦૦/– અને ટપાલખર્ચ આપવો.

૨૮. પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓના દર વર્ષ આશરે કુલ ૪૦,૦૦૦(ચાલીસ હજાર)થી વધારે ધોરણ ૧૨ની માર્કશીટ સાથે એનરોલમેન્ટ ફોર્મ, માઈગ્રેશન સર્ટિફીકેટની અરજીઓ અને એલીજીબીલીટી સર્ટીફીકેટની અરજીઓ યુનિવર્સિટીમાં આવતા હોય છે હાલમાં ૨૦૦૨–૦૩, ૨૦૦૪–૨૦૦૫ અને ૨૦૦૫–૦૬ એમ ચાર વર્ષના જુના એનરોલમેન્ટ ફોર્મ રાખેલ છે. પ્રસ્તુત એનરોલમેન્ટનો રેકોર્ડ કેટલા વર્ષ સુધી રાખવો તે અંગે નીતિ વિષયક નિર્ણય લેવા અંગે વિચારણા કરવા બાબત.

(શૈક્ષણિક)

:: આથી ઠરાવવામાં આવે છે કે, પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓના ધોરણ ૧૨ની માર્કશીટ સાથે એનરોલમેન્ટ ફોર્મ, માઈગ્રેશન સર્ટિફીકેટની અરજીઓ અને એલીજીબીલીટી સર્ટીફીકેટની અરજીઓના એનરોલમેન્ટનો ૫ (પાંચ) વર્ષનો રેકોર્ડ રાખવો અને અગાઉના તથા આ રેકોર્ડને સ્કેન કરાવી ઈલેકટ્રોનિકસ સ્ટોરેજ તરીકે સાચવવાં કાર્યવાહી હાથ ધરવી.

૨૯. યુનિવર્સિટી તરફથી લેવાતી વિવિધ પરીક્ષાઓમાં ગેરરીતિ આચરતા જણાયેલ વિદ્યાર્થીઓના કિસ્સાઓ તેમજ પુનઃ મૂલ્યાંકન માટે અરજી કરનાર વિદ્યાર્થીઓ પૈકી પરિણામ સુધરવાને કારણે યુનિવર્સિટી તરફથી મોડા જાહેર થતા પરિણામોના કિસ્સાઓ ઉપરાંત અન્ય કારણસર જે વિદ્યાર્થીઓનાં પરીક્ષાનાં પરિણામો યુનિવર્સિટી તરફથી મોડા જાહેર થતા હોય તેવા કિસ્સાઓમાં જરૂર પડયે વિદ્યાર્થીઓની પ્રથમ સત્રની ફી વસૂલ કરી તેઓને દ્વિતીય સત્રમાં પ્રવેશ આપવા અંગેના સિન્ડિકેટની તા. ૪–૧૨–૧૯૯૧ ની સભાના ઠરાવ ક્રમાંકઃ ૩૫ નાં સંદર્ભમાં પ્રવેશ સંબંધિત ઉપરોકત મુદ્દાઓ અંગે ઓર્ડિનન્સઃ ૬૦ ને લક્ષમાં લઈ વિચારણા કરવા માટે નિમાયેલી સમિતિની તા. ૧૧–૧૦–૨૦૦૬ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

(અનુસ્નાતક)

:: આથી ઠરાવવામાં આવે છે કે, સમિતિનો રીર્પોટ સ્વીકારવો.

૩૦. શ્રીમદ્ રાજચંદ્ર ઈન્સ્ટિટયૂટ ઓફ મેનેજમેન્ટ એન્ડ કોમ્પ્યુટર એપ્લીકેશન, તરસાડીમાં શૈક્ષણિક વર્ષઃ ૨૦૦૬–૦૭ના એક વર્ષ માટે સ્વનિર્ભર અભ્યાસક્રમ **MBA/ MCA** ની મેનેજમેન્ટ કવોટાની બેઠકો સરન્ડર કરવાની શરતે સિન્ડિકેટ તા. ૨૧–૪–૨૦૦૬ના રોજ મળેલ સભાના ઠરાવ ક્રમાંકઃ (૭૯) અને (૯૯) અન્વયે જોડાણ આપવા રાજય સરકારને ભલામણ કરવાનું ઠરાવેલ છે. પરંતુ પ્રસ્તુત સંસ્થાએ **MBA/ MCA** ની મેનેજમેન્ટ કવોટાની બેઠકો સરન્ડર ન કરતાં તે બેઠક પર પ્રવેશ આપેલ હોઈ, અને રજીસ્ટ્રેશન કરવા કાર્યાલયને મોકલેલ હોવાથી તેમની પાસેથી આદેશાનુસાર મેનેજમેન્ટ કવોટાની સીટ–પર કયા કારણસર પ્રવેશ આપ્યો છે ? તેની વિગતવાર સ્પષ્ટતા મંગાવતાં સદરહુ સંસ્થાનાં નિયામકશ્રીએ તેમના તા.૦૭–૧૦–૨૦૦૬ના પત્રાંકઃ **MBA/ VNSGU/ ADM/ 392/ 2006-07** થી કરેલ વિનંતી ઉપર વિચારણા કરવા બાબત.

(અનુસ્નાતક)

:: આથી ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત બાબતની ઝીણવટ ભરી તપાસ કરાવવા માટે સમિતિ બનાવવાની સત્તા મા.કુલપતિશ્રીને આપવી. પ્રસ્તુત કોલેજ પાસેથી રૂા. ૫,૦૦,૦૦૦/– નો દંડ લેવો અને નહી ભરે ત્યાં સુધી આ સંચાલક મંડળને નવી કોલેજ માટે જોડાણ આપવા નહી.

૩૧. સાર્વજનિક કોલેજ ઓફ અન્જિનીયરીંગ એન્ડ ટેકનોલોજી (સ્કેટ), સુરતમાં ચાલતા **M.Sc. - Environmental Science** નો સ્વનિર્ભર અનુસ્નાતક અભ્યાસક્રમનું જોડાણ શૈક્ષણિક વર્ષ ૨૦૦૬–૦૭ માટે ચાલુ રાખવા / નવા પ્રવેશ આપવા સંદર્ભમાં અનુસ્નાતક શિક્ષણ મંડળ (**BUT**) વતી મા. કુલપશ્રીએ મંજૂર કરેલ ભલામણ અને એકેડેમિક કાઉન્સિલે મા. કુલપતિશ્રીને આપેલ સત્તાની રૂએ સ્થાનિક તપાસ સમિતિના અહેવાલમાં જણાવેલ શરતોને આધીન એક વર્ષ માટે જોડાણ આપવા કરેલ ભલામણ ઉપર વિચારણા કરવા બાબત.

(અનુસ્નાતક)

:: આથી ઠરાવવામાં આવે છે કે, સાર્વજનિક કોલેજ ઓફ અન્જિનીયરીંગ એન્ડ ટેકનોલોજી (સ્કેટ), સુરતમાં ચાલતા **M.Sc. - Environmental Science** નો સ્વનિર્ભર અનુસ્નાતક અભ્યાસક્રમનું પાર્ટ–૨ નું જોડાણ ચાલુ રાખવામાં આવે છે અને આગામી શૈક્ષણિક વર્ષઃ ૨૦૦૭–૦૮ના અનુસ્નાતક ભાગ–૧ના એફીલીયેશનની (નવા પ્રવેશ) નવી અરજી કરવા જણાવવું.

૩૨. શ્રી રંગ શિક્ષણ મહાવિદ્યાલય, બીલીમોરાના આચાર્યશ્રીના પત્રાંકઃ ૧૨૨/૦૬–૦૭, તા. ૧૦/૮/૨૦૦૬ પર વિદ્યાર્થી/ વિદ્યાર્થિનીઓની ડૉક્ટરી તપાસની ફી વધારવા અંગેના આપેલ પત્ર પર વિચારણા કરવા બાબત.

(યુવક કલ્યાણ અને શારીરિક શિક્ષણ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત બાબતનો વધુ અભ્યાસ કરી પુનઃ વિચારણા માટે સિન્ડિકેટ સમક્ષ રજૂ કરવી.

૩૩. (અ) **DBIM** ના વડાશ્રી તરફથી મળેલ તા.૧૫–૧૧–૨૦૦૬ના પત્ર અનુસાર નવા સૂચિત બાંધકામ માટેની જગ્યા ફાળવણી અંગે વિચારણા કરવા બાબત.

(બ) તા.૧૬–૧૦–૨૦૦૬ની પ્રતિષ્ઠાન વિકાસ અને બાંધકામ સમિતિની ભલામણની બાબત ક્રમાંકઃ ૧ (**HDPEPIPELINE** નું મળેલ ટેન્ડર) ઉપર વિચારણા કરવા બાબત.

**<u>પ્રતિષ્ઠાન વિકાસ અને બાંધકામ સમિતિની સભા તા.૧૬–૧૦–૨૦૦૬ને બાબત ક્રમાંકઃ(૧)</u>**

યુનિવર્સિટી કેમ્પસ પર રહેણાંક તથા શૈક્ષણિક વિસ્તારોમાં પાણી પૂરવઠા નેટવર્કના ભાગરૂપે નવી એચ.ડી.પી.ઈ. પાઈપ લાઈન સપ્લાય કરી નાંખવાના મળેલા ટેન્ડરોના તુલનાત્મક પત્રક પર વિચાણા કરવા બાબત.

:: આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી કેમ્પસ પર રહેણાંક તથા શૈક્ષણિક વિસ્તારોમાં પાણી પૂરવઠા નેટવર્કના ભાગરૂપે નવી એચ.ડી.પી.ઈ. પાઈપ લાઈન સપ્લાય કરી નાંખવાના મળેલ ટેન્ડરો પૈકી સૌથી ઓછા ભાવ ભરનાર મેસર્સ સાગર કોર્પોરેશન, રાજકોટ પાસેથી રૂા.૧૯,૬૪,૩૫૦માં કામ કરાવવા માટે સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.

(બાંધકામ)

:: આથી ઠરાવવામાં આવે છે કે,

(અ) **DBIM** ના વડાશ્રી તરફથી મળેલ તા.૧૫–૧૧–૨૦૦૬ના પત્ર અનુસાર નવા સૂચિત બાંધકામ માટેની જગ્યા ફાળવવા માટે સૈધ્ધાંતિક મંજૂરી આપવી.

(બ) પ્રતિષ્ઠાન વિકાસ અને બાંધકામ સમિતિની સભા તા. ૧૬–૧૦–૨૦૦૬ની બાબત ક્રમાંકઃ (૧) નો સ્વીકાર કરવો તેમજ ભાવતાલ કરવાની સત્તા મા. કુલપતિશ્રીને આપવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, **ISI** માર્કાવાળા પાઈપનો જ ઉપયોગ કરવો અને રોડ સાથે લેવલીંગ માટે સુરત મહાનગર પાલિકા **(SMC)** સાથે ચર્ચા કરવી.

૩૪. સેકશન અધિકારી, શિક્ષણ વિભાગ, ગાંધીનગરના તા. ૨–૧૦–૨૦૦૬નો ઠરાવ ક્રમાંકઃ એનજીસી–૧૧૦૫–એમ–૬૨–ખ રાજયની આર્ટ્સ, કોમર્સ, સાયન્સ, શિક્ષણ અને કાયદાની કોલેજોમાં જયારે ગ્રાન્ટ નહોતી મળતી ત્યારે યુનિવર્સિટી દ્વારા જો તેઓને માન્યતાં પ્રાપ્ત થઈ હોય તો ગ્રાન્ટ મળ્યાં બાદ તેઓની નિમણૂંકને માન્યતા આપવા બાબત.

(સિન્ડિકેટ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત બાબતની નોંધ લેવી.

૩૫. યુનિવર્સિટી સંલગ્ન સી.ડી. પચ્ચીગર કોલેજ ઓફ હોમીયોપેથી એન્ડ હોસ્પિટલ, સુરતના નીચે જણાવેલ ડેમોન્સ્ટ્રેટર/ ટયુટરને લેકચરરને ન્યુ દિલ્હીના તા. ૧૪–૧–૨૦૦૫ના પત્ર ક્રમાંકઃ **12/12/2000-CCH (P/1)/ 27706- 925** પ્રમાણે નવા–ધારા મુજબ ડેમોન્સ્ટ્રેટર/ ટયુટરની પોસ્ટ રદ કરીને તેઓને અપગ્રેડ કરીને લેકચરર તરીકે ગણના કરવા પર વિચારણા કરવા બાબત.

| | | |
|---|---|---|
| ૧. ડૉ. પ્રિતેશ પટેલ | ૨. ડૉ. અશફાક સુબેદાર | ૩. ડૉ. મનીષ ડૉકટર |
| ૪. ડૉ. એન.એ.ચશ્માવાલા | ૫. ડૉ. આશિષ મહેતા | ૬. ડૉ. માધુરી કાંબલે |
| ૭. ડૉ. સંજય પટેલ | ૮. ડૉ. રીટા કરકેરા | ૯. ડૉ.લલીત માવાણી |
| ૧૦. ડૉ. નેહા વોરા | | |

(સિન્ડિકેટ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી સંલગ્ન સી.ડી. પચ્ચીગર કોલેજ ઓફ હોમીયોપેથી એન્ડ હોસ્પિટલ, સુરતમાં ઉપરોકત જણાવેલ ડેમોસ્ટ્રેટર/ ટયુટર ને લેકચરર તરીકેની ગણના અંગે ડેમોસ્ટ્રેટર / ટયુટર તરીકે આ શિક્ષકોને તેમનો જે તે સમયનો નિમણૂંક પત્ર, હાજર થયાનો રીપોર્ટ, એલીજીબીલીટી પગારનાં પુરાવાં, ટીડીએસ અને પ્રોવિડન્ડ ફંડની રસીદ વગેરે તપાસવી. ત્યાર બાદ તે અંગે વિચારવું.

૩૬. બી.બી.એ.નો કોર્ષ, જે હાલમાં કોમર્સ ફેકલ્ટીમાં છે તેને મેનેજમેન્ટ ફેકલ્ટીની રચના થયેલ હોવાથી, મેનેજમેન્ટ ફેકેલ્ટીમાં ફાળવવા અંગે વિચારણા કરવા બાબત.

એકેડેમિક કાઉન્સિલે તા.૧૪–૧૨–૨૦૦૬નાં રોજ ઠરાવ ક્રમાંકઃ (૫૦)થી નીચે મુજબ ઠરાવેલ છે.

**"સદર કોર્ષને મેનેજમેન્ટ ફેકલ્ટીમાં મુકવો વધુ યથાર્થ જણાય છે. આથી તે માટે જરૂરી કાર્યવાહી કરવા અને સ્ટેટયૂટમાં જરૂરી સુધારાં વધારાં કરવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે."**

(શૈક્ષણિક)

:: આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની તા.૧૪–૧૨–૨૦૦૬નાં ઠરાવ ક્રમાંકઃ(૫૦) નો સ્વીકાર કરવો અને સ્ટેટયૂટમાં જરૂરી સુધારા કરી સેનેટને ભલામણ કરવા મા. કુલપતિશ્રીને સત્તા આપવામાં આવે છે.

૩૭. સ્ટેટયૂટ ૨૯૧ (૬) અંતર્ગત ડિપાર્ટમેન્ટ ઓફ ગુજરાતીમાં રીડર અને લેકચરરની એક જગ્યા યુનિવર્સિટી ફંડમાંથી (સરકારી ગ્રાન્ટનાં ફંડમાંથી નહિં) ઉભી કરવા અંગે વિચારણા કરવા બાબત.

**(નોંધ:** સિન્ડિકેટે યુનિવર્સિટી કેમ્પસમાં ગુજરાતી તથા હિન્દીનાં અનુસ્નાતક અભ્યાસક્રમમાં જરૂરી શિક્ષકો યુનિવર્સિટીના સ્વનિર્ભર ફંડમાંથી ભરવા અંગે તા.૨૧–૪–૨૦૦૬ના ઠરાવ ક્રમાંક: (૧૮૧)થી મંજૂરી આપેલ છે.**)**

**<u>તા. ૧૪–૧૨–૨૦૦૬ની એકેડેમિક કાઉન્સિલની સભાએ ઠરાવ (૪૩) નીચે મુજબ કરેલ છે.</u>**

**"ડિપાર્ટમેન્ટ ઓફ ગુજરાતી સ્ટેટયૂટ ૨૯૧ (૬) અંતર્ગત ડિપાર્ટમેન્ટ ઓફ ગુજરાતી શૈક્ષણિક વર્ષ: ૨૦૦૭–૦૮થી કાર્યરત કરવાં સારૂ એક (૧) રીડર અને એક (૧) લેકચરરની જગ્યા ઉભી કરવાં આથી ભલામણ કરવામાં આવે છે."**

(શૈક્ષણિક)

:: આથી ઠરાવવામાં આવે છે કે, સ્ટેટયૂટ ૨૯૧ (૬) અન્વયે ડિપાર્ટમેન્ટ ઓફ ગુજરાતી અંતર્ગત શૈક્ષણિક વર્ષ: ૨૦૦૭–૦૮થી શૈક્ષણિક કાર્યવાહી શરૂ કરવા માટે (૧) એક પૂર્ણ સમયના રીડર અને (૧) એક લેકચરરની જગ્યા ઉભી કરવા મંજૂર આપવામાં આવે છે આ અંતર્ગત સરકાર તરફથી ગ્રાન્ટ ન મળવાની હોઈ, યુનિવર્સિટીનાં સ્વનિર્ભર ફંડમાંથી તેઓનાં પગારનાં ખર્ચ પાડવાનાં રહેશે. વધુમાં, આ શિક્ષકોને પેન્શન કે જીપીએફનો લાભ મળશે નહી. સ્વનિર્ભર અભ્યાસક્રમની શૈક્ષણિક કર્મચારીની જેમ તેઓને લાભ આપવાં.

૩૮. **AICTE**ના નવા નોર્મ્સ પ્રમાણે લેકચરર બનવા માટે જે તે વિષયની બેચલર ડીગ્રી ઉપરાંત ૭૫% કે તેથી વધુ **Gate Score** ધરાવવું જરૂરી છે. આ સંજોગોમાં કોલેજોમાં લેકચરરની ભરતી શકય બનશે નહીં. તેને ધ્યાને લેતા **AICTE**ના નવા નોર્મ્સ અંગે વિચારણા કરવા બાબત.

(સિન્ડિકેટ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી સંલગ્ન એન્જિનીયરીંગ કોલેજોમાં લેકચરરની જગ્યા માટેનાં (A.I.C.T.E.) ના નોર્મ્સ પ્રમાણે સ્ટાફ મળવો મુશ્કેલ હોઈ નીચે મુજબનું ઠરાવવામાં આવે છે.

(૧) વર્તમાન (A.I.C.T.E.) ના નોર્મ્સ પ્રમાણુ ઉમેદવાર જો પસંદગી સમિતિ સમક્ષ હાજર હોય તો તેને પ્રથમ પસંદગી આપવી.

(૨) જો ઉપરોકત (૧) પ્રમાણે ઉમેદવાર ન મળે તો બેચલર ઓફ એન્જિનીયરીંગની લાયકાત ધરાવનાર ઉમેદવારને ૫ વર્ષમાં GATE નો 75 Percentile લાવવાની શરતે નીચેની શરતોને આધીન નિમણૂંક આપવી.

(અ) GATE **ના** 75 Percentile વગરના ઉમેદવારોની નિમણૂંક ફીક્ષ પાંચ વર્ષના સમયની રહેશે.

(બ) તેને આ સમયગાળા માટે ૮૦૦૦–૨૭૫–૧૩,૦૦૦ નો પગાર નિયમોનુસાર D.A. સાથે આપવાનો રહેશે. દર વર્ષે નિયમોનુસાર ઈજાફા આપવાનાં રહેશે.

(ક) આ સમય દરમ્યાન તેણે GATE ની પરીક્ષા 75 Percentile થી પાસ કરવાની રહેશે.

(ડ) આ સમય દરમ્યાન તે GATE ની પરીક્ષા 75 Percentile થી પાસ ન કરે તો સમય પૂર્ણ થયા બાદ તેઓ ફરી નિમણૂંકને પાત્ર ઠરશે નહિ અને તેમને છૂટા કરવામાં આવશે.

(૩) ઉમેદવાર પાંચ વર્ષના સમય ગાળામાં 75 Percentile GATE score જે પ્રાપ્ત કરે તેની જાણ સંસ્થા/યુનિ. ને કરે તે દિવસથી તેની નિમણૂંક કાયમી ધોરણે નિયત પ્રોબેશન સમય આપીને A.I.C.T.E ના નોર્મ્સ તથા યુનિવર્સિટીનાં નોર્મ્સ પ્રમાણે કરવાની રહેશે.

**જાણ સારૂ :**

૩૯. સિન્ડિકેટની તા.૨૬–૧૦–૨૦૦૫ની સભામાં બાબત ક્રમાંકઃ (૩૬) અન્વયે નીચે મુજબ ઠરાવ્યું છે.

**<u>બાબત ક્રમાંકઃ (૩૬)</u>**

યુનિવર્સિટી સાથે જોડાણ માટેની અરજીઓનાં અનુસંધાને સ્થાનિક તપાસસમિતિની નિમણૂંક માટે વિચારણા કરવા બાબત.

**<u>ઠરાવઃ</u>**

:: આથી ઠરાવવામાં આવે છે કે, સદર બાબતે સ્થાનિક તપાસસમિતિની નિમણૂંક કરવાની સત્તા મા. કુલપતિશ્રીને આપવામાં આવે છે.

ઉપરોકત ઠરાવને ધ્યાને લેતા સ્થાનિક તપાસસમિતિઓ બનાવવાની સત્તા મા. કુલપતિશ્રીને આપેલ હોય નીચે જણાવેલ સંસ્થાઓની શૈક્ષણિક વર્ષઃ ૨૦૦૭–૦૮ માટેની સ્થાનિક તપાસસમિતિની નિમણૂંક મા. કુલપતિશ્રી કરશે તે જાણ સારૂ.

(૧) વર્ષઃ ૨૦૦૭–૦૮ માટે નવી કોલેજો/ સંસ્થાઓની જોડાણ માટે આવેલ જોડાણઅરજી અંગેની યાદી.
(૨) વર્ષઃ ૨૦૦૭–૦૮ થી ગ્રાન્ટ–ઈન–એઈડ કોલેજો/ સંસ્થાઓની ચાલુ/ વધારાની/ કાયમી જોડાણ મેળવવા માટે આવેલ જોડાણઅરજી અંગેની યાદી.
(૩) વર્ષઃ ૨૦૦૭–૦૮ માટે સ્વનિર્ભર કોલેજોની ચાલુ/ વધારાની/ કાયમી જોડાણ મેળવવા માટે આવેલ જોડાણઅરજી અંગેની યાદી.
(૪) વર્ષઃ ૨૦૦૭–૦૮ માટે જોડાણ માંગતી પી.જી. સંસ્થાઓની યાદી.

(સિન્ડિકેટ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, મા. કુલપતિશ્રીના ઉપરોકત પગલાંની નોંધ લેવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, નીચે જણાવેલ સંસ્થાઓ/ કોલેજોએ જયાં સુધી દંડની રકમ ન ભરે ત્યાં સુધી શૈક્ષણિક વર્ષઃ ૨૦૦૭–૨૦૦૮ માટે કોઈ નવા કોલેજોના જોડાણ માટે સ્થાનિક તપાસસમિતિ (**LIC**) મોકલવી નહીં.

(૧) સદ્‌વિદ્યા મંડળ ઈન્સ્ટિટયૂટ ઓફ એન્જિનીયરીંગ એન્ડ ટેકનોલોજી, ભરૂચ.
(૨) સી.કે. પીઠાવાલા કોલેજ ઓફ એન્જિનીયરીંગ એન્ડ ટેકનોલોજી, સુરત.
(૩) સાર્વજનિક કોલેજ ઓફ એન્જિનીયરીંગ એન્ડ ટેકનોલોજી, સુરત.
(૪) શ્રી રામકૃષ્ણા ચેરિટેબલ ટ્રસ્ટ સાર્વજનિક ઈન્સ્ટિટયૂટ ઓફ કોમ્પ્યુટર એજયુકેશન, સુરત. (સ્વનિર્ભર અભ્યાસક્રમ બી.એસસી. માઈક્રોબાયોલોજી)
(૫) શ્રી રામકૃષ્ણા ચેરિટેબલ ટ્રસ્ટ સાર્વજનિક ઈન્સ્ટિટયૂટ ઓફ કોમ્પ્યુટર એજયુકેશન, સુરત. (સ્વનિર્ભર અભ્યાસક્રમ બી.એસસી. કોમ્પ્યુટર)
(૬) એચ.આર.શાહ મહિલા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, નવસારી.

૪૦. અંધજન શિક્ષણ મંડળ, સુરત સંચાલિત ધીરજલાલ મગનલાલ ધ્રુવ શિક્ષણ મહાવિદ્યાલય (બી.એડ્.) (સ્પે.), સુરતની શૈક્ષણિક વર્ષઃ ૨૦૦૬–૨૦૦૭ માટે એફીલીયેશન ફીની રકમની ગણતરી ઓર્ડિનન્સ–૬૬ (૨) (બી) (સી) બાબતે નોંધ–(૧૦) મુજબ જો એપેક્ષ બોડી / યુનિવર્સિટી/ રાજય સરકાર દ્વારા ડીવીઝન દીઠ વિદ્યાર્થીની સંખ્યા કોલમ–૩ (ઈન્ટેક) કરતાં ઓછી હશે તો કોલમ–૭ (વાર્ષિક એફીલીયેશન ફી વિદ્યાર્થી દીઠ) તથા કોલમ–૮ (લઘુતમ ફી) ની ગણતરી ડિવીઝન સંખ્યાને ધ્યાનમાં લઈ પ્રોરેટા બેઝ પર કરવાની હોઈ, સદરહું સંસ્થાની ઈન્ટેક ૨૦ (વીસ) હોઈ, વિદ્યાર્થી દીઠ રૂા. ૭૫૦/– ગણી એફીલીયેશન ફીની રકમ રૂા. ૧૫,૦૦૦/– (અંકે રૂપિયા પંદર હજાર પુરા) લેવામાં આવી છે. જે જાણ સારૂ.

(સિન્ડિકેટ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત બાબતની નોંધ લેવી.

૪૧. વિશ્વ વિદ્યાલય અનુદાન આયોગ, ન્યુ દિલ્હીના આવેલ આ સાથેના પત્ર ક્રમાંકઃ **F. 3-1/ 94 (PS) - 7, dtd. 19-10-2006** થી યુનિવર્સિટીમાં ફરજ બજાવતાં આસિસ્ટન્ટ લાયબ્રેરીયન/ કોલેજ લાયબ્રેરીયનસ/ આસિસ્ટન્ટ ડાયરેકટર ઓફ ફીજીકલ એજયુકેશન/ કોલેજ ડાયરેકટર ઓફ ફીજીકલ એજયુકેશનને યુજીસીની કેરીયર એડવાન્સમેન્ટ સ્કીમ હેઠળ **Senior Scale / Selection Grade** નાં લાભો આપવા તેમજ તેઓની નિવૃતિ વય મર્યાદા ૬૨ વર્ષની રાખવા આવેલ ગાઈડ લાયન્સની નોંધ લેવા બાબત.

(વહીવટી)

:: આથી ઠરાવવામાં આવે છે કે, વિશ્વ વિદ્યાલય અનુદાન આયોગ, ન્યુ દિલ્હીના ઉપરોકત પત્રની નોંધ લેવી અને પ્રસ્તુત બાબતે રાજય સરકારની સૈધ્ધાંતિક મંજૂરી લેવી.

૪૨. રાજયની જી.બી.ટી.સી. કોલેજોને વખતોવખત જે નીતિ–નિયમો લાગુ પાડવામાં આવેલ છે તેને સુસંગત રહીને, સંબંધિત યુનિવર્સિટી જી.બી.ટી.સી. કોલેજોને જોડાણ આપે, તે મુજબનાં ઠરાવની જાણ કરતાં શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરનાં સેકશન અધિકારીએ મોકલેલ તા. ૧૩–૧૧–૨૦૦૬ના ઠરાવ ક્રમાંકઃ સઅમ– ૨૦૦૬– ૨૩૧૩– ખ.૧ ની નોંધ લેવા સારૂ.

(સિન્ડિકેટ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરનાં સેકશન અધિકારીના ઉપરોકત પત્રની નોંધ લેવી.

૪૩. યુ.જી.સી., ન્યુ દિલ્હી દ્વારા દશમાં પ્લાનમાં યુનિવર્સિટીના બાયોસાયન્સ વિભાગમાં **"Advanced P.G.Diploma in Medicinal Plants under Innovative Programme** હેઠળ નીચે દર્શાવ્યા મુજબની રૂા. ૭૫,૦૦૦/– (રૂપિયા પંચોતેર હજાર) સેલેરી ગ્રાન્ટ મંજૂર કર્યા અંગેની જાણ કરતાં આયોગના તા.૨૯–૧૧–૨૦૦૬ પત્રાંકઃ **F . 14 - 59 / 2005 (Inno/ ASIST)** ની જાણ થવા સારૂ.

(યુ.જી.સી.)

:: આથી ઠરાવવામાં આવે છે કે, યુ.જી.સી., ન્યુ દિલ્હીના ઉપરોકત પત્રની નોંધ લેવી.

**માનનીય કુલપતિશ્રીના પગલાંની નોંધ લેવા બાબત :**

૪૪. માર્ચ/ એપ્રિલ ૨૦૦૬માં લેવાયેલ એફ.વાય.બી.એ. પરીક્ષાના બેઠક ક્રમાંકઃ ૦૩૮૯૬ વાળા પરીક્ષાર્થી અંગે સંસ્કૃત પે–૨ વિષયની પરીક્ષામાં ઉત્તરવહીનું પરીક્ષણ શરૂ કરતા લખાણમાં બદલાયેલા હસ્તાક્ષરની શંકા જણાય હતી એ પ્રમાણેનો રીપોર્ટ પરીક્ષકશ્રીએ કર્યો હતો.

સદર રીપોર્ટ બાબતમાં પરીક્ષા આચાર સમિતિની તા. ૧૩–૯–૨૦૦૬ની સભામાં વિદ્યાર્થીની હાજર રહી ઉત્તરવહીમાં જુદા જુદા હસ્તાક્ષર વિશે રજુઆત કરી હતી કે તેણી જયારે શાંતિથી લખે છે, ત્યારે અને ઝડપથી લખે છે ત્યારે હસ્તાક્ષરમાં બદલાવ આવે છે. આ બાબતની ચકાસણી કરવા આચાર સમિતિએ બંને પરિસ્થિતિ એટલે કે ઝડપથી અને શાંતિથી લખવા જણાવતાં વિદ્યાર્થીની એ અલગ કાગળમાં વિગતો લખી બતાવી હતી. વિદ્યાર્થીની રજુઆત અને આચાર સમિતિ સમક્ષ તેણીએ લખેલી વિગતોના હસ્તાક્ષર તપાસતાં આચાર સમિતિને વિદ્યાર્થીનીની રજુઆતમાં તથ્ય જણાય છે. એટલે કે તેણીના હસ્તાક્ષર ઝડપથી લખે ત્યારે અને શાંતિથી લખે છે. ત્યારે હસ્તાક્ષરમાં બદલાવ આવે છે. આથી આચારસમિતિ વિદ્યાર્થીનીને નિદોર્ષ જાહેર કરી સદરહું વિદ્યાર્થીનીની ઉત્તરવહીનું પરીક્ષણ કરાવી વિદ્યાર્થીનીનું પરિણામ સત્વરે જાહેર કરવા સિન્ડિકેટને ભલામણ કરે છે.

પ્રસ્તુત બાબતમાં પરીક્ષા આચાર સમિતિની તા. ૧૩–૯–૨૦૦૬ની સભામાં નિદોર્ષ જાહેર કરવા અંગેની ભલામણ સિન્ડિકેટની મંજુરીની અપેક્ષાએ મા. કુલપતિ સાહેબે આચાર સમિતિની તા.૧૩–૯–૨૦૦૬ની બાબતક્રમાંકઃ ૦૬ માં કરેલ ભલામણ માન્ય રાખી હોય, મા. કુલપતિશ્રી સાહેબના સદર પગલાંની જાણ થવા બાબત.

(પરીક્ષા)

:: આથી ઠરાવવામાં આવે છે કે, મા. કુલપતિશ્રીનાં ઉપરોકત પગલાંની નોંધ લેવી.

૪૫. બાયોસાયન્સીઝ વિભાગ દ્વારા નીકોન, જાપાન કંપનીનો કેમેરા અને ફોટો ગ્રાફીના સાધનો **US Doller 5714. 51** ના ખર્ચે આયાત કરવા માટેની દરખાસ્ત કરી હતી. નાણાંસમિતિની સભા તરતમાં ન હોવાથી અને ક્વોટેશનની મુદ્દત તા.: ૩૦–૧૨–૨૦૦૬ સુધીની જ હોવાથી સદર બાબત પરત્વે વિભાગ દ્વારા કરાયેલી વિનંતી મંજૂર રાખી, માનનીય કુલપતિશ્રીએ વિભાગની હાયરફીઝ ફંડ ખાતેથી સદર ખર્ચ કરવા મંજૂરી આપી છે. તેની નોંધ લેવા બાબત.

(બાયોસાયન્સ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, મા. કુલપતિશ્રીનાં ઉપરોક્ત પગલાંની નોંધ લેવી.

૪૬. ઈન્દુ કોલેજ ઓફ મેડિકલ સાયન્સીસ, વડોદરા દ્વારા બી.એસસી. માઈક્રોબાયોલોજી અભ્યાસનું સંચાલન છેલ્લા ત્રણ વર્ષથી ઈન્દુ હેલ્થ રીસર્ચ ફાઉન્ડેશન ટ્રસ્ટ, વડોદરા દ્વારા કરવામાં આવતું હતું. સંસ્થાએ ઈન્દુ કોલેજ ઓફ મેડિકલ સાયન્સનું સંચાલન શ્રી વલ્લભ સેવા નિકેતન ટ્રસ્ટને સોંપવા માટે ઠરાવ કરેલ છે. તો વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી દ્વારા આ ઠરાવ સંદર્ભમાં જરૂરી સંસ્થાનું સંચાલન બદલવા માટે જરૂરી કાર્યવાહી કરવા અંગેની વિનંતી કરતાં સંસ્થાનાં ટ્રસ્ટીશ્રી ધ્રુતિબેન શાહનાં તા.૧૫–૧૨–૨૦૦૬નાં પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

(સિન્ડિકેટ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, સંસ્થાના ટ્રસ્ટીશ્રી ધ્રુતિબેન શાહનાં તા. ૧૫–૧૨–૨૦૦૬નાં પત્રથી કરેલ વિનંતીને મંજુરી આપવી નહી.

૪૭. ભરૂચના લોકશકિત વિકાસ ટ્રસ્ટના મંત્રીશ્રી તરફથી મળેલ તેમના તા. ૫–૧૨–૨૦૦૬ના પત્રક્રમાંકઃ ૨૯૨/ ૦૬–૦૭ના પત્રમાં જણાવ્યા પ્રમાણે આગામી વર્ષથી બી.એસ.ડબલ્યુ **(Bachelor of Social work)** નો નવો અભ્યાસક્રમ શરૂ કરવા માટે જોડાણઅરજી આપેલ છે. પ્રસ્તુત બી.એસ.ડબલ્યુનો નવો અભ્યાસક્રમ તૈયાર કરવા અંગે આવેલ પત્ર પર વિચારણા કરવા બાબત.

(શૈક્ષણિક)

:: આથી ઠરાવવામાં આવે છે કે, ભરૂચના લોકશકિત વિકાસ ટ્રસ્ટ, ભરૂચ દ્વારા આગામી વર્ષથી બી.એસ.ડબલ્યુ **(Bachelor of Social work)** નો નવો અભ્યાસક્રમ શરૂ કરવા સૈધ્ધાંતિક મંજૂરી આપવી તેમજ બી.એસ.ડબલ્યુ **(Bachelor of Social work)** નવો અભ્યાસક્રમ બનાવવો.

૪૮. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતના પટાંગણ પર આગામી ૩, ૪, ૫ ફેબ્રુઆરી–૨૦૦૭ દરમ્યાન યોજાનાર ૩૪મા યુવક મહોત્સવ અને ખેલકૂદ રમતોત્સવના અંદાજીત બજેટો અનુક્રમે રૂા. ૮,૭૫,૦૦૦/– (રૂપિયા આઠ લાખ પંચોતેર હજાર પુરા) અને રૂા. ૫,૦૦,૦૦૦/– (રૂપિયા પાંચ લાખ પુરા) મળી કુલ બજેટ રૂા. ૧૩,૭૫,૦૦૦/– (રૂપિયા તેર લાખ પંચોતેર હજાર પુરા) મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત.

(યુ.ક. અને શા.શિ.)

:: આથી ઠરાવવામાં આવે છે કે, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતના પટાંગણ પર આગામી ૩, ૪, ૫ ફેબ્રુઆરી–૨૦૦૭ દરમ્યાન યોજાનાર ૩૪મા યુવક મહોત્સવ અને ખેલકૂદ રમતોત્સવના અંદાજીત બજેટો મંજૂર કરવા.

૪૯. ગુજરાત સરકારે સને–૨૦૦૭ના વર્ષ દરમ્યાનની જાહેર રજાઓ તથા મરજીયાત રજાઓ સામાન્ય વહીવટી વિભાગ જાહેરનામુ સચિવાલય, ગાંધીનગર, ૧ લી નવેમ્બર, ૨૦૦૬થી જાહેર કરી છે. પ્રસ્તુત જાહેર રજાઓ યુનિવર્સિટીના કર્મચારીઓને લાગુ પાડવા અંગેના મા.કુલપતિશ્રીનાં પગલાંની નોંધ લેવા બાબત.

(વહીવટી)

:: આથી ઠરાવવામાં આવે છે કે, મા.કુલપતિશ્રીનાં ઉપરોક્ત પગલાંની નોંધ લેવી.

**૫૦.** મહાત્મા ગાંધી રૂરલ સ્ટડીઝ ડિપાર્ટમેન્ટના પ્રોફેસર અને હેડ, ડૉ. દિલીપ આર. શાહના તા.૩–૧–૨૦૦૭ના પત્રાંકઃ ડીઆરએસ/ ૫૪/ ૬૭૭૫/ ૨૦૦૭–૦૮ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

(રૂરલ સ્ટડીઝ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, મહાત્મા ગાંધી રૂરલ સ્ટડીઝ ડિપાર્ટમેન્ટના પ્રોફેસર અને હેડ, ડૉ. દિલીપ આર. શાહના તા.૩–૧–૨૦૦૭ના પત્રાંકઃ ડીઆરએસ/ ૫૪/ ૬૭૭૫/ ૨૦૦૭–૦૮ના પત્રની દરખાસ્ત સ્વીકારવી.

**૫૧.** રાષ્ટ્રીય સેવા યોજના માટેની યુનિવર્સિટી સલાહકાર સમિતિની ગત વર્ષની મુદત તા.૩૧/૧૨/૨૦૦૬ના રોજ પૂરી થવાથી નવી સલાહકાર સમિતિ બે વર્ષ માટે બનાવવા અંગે વિચારણા કરવા બાબત.

(રાષ્ટ્રીય સેવા યોજના)

:: આથી ઠરાવવામાં આવે છે કે, રાષ્ટ્રીય સેવા યોજના માટેની યુનિવર્સિટી સલાહકાર સમિતિની મુદ્દત તા.૩૧/૧૨/૨૦૦૬ના રોજ પૂરી થતી હોઈ, સદરહું સમિતિમાં ગત વર્ષના સભ્યોની નિમણૂંક યથાવત રાખવી તથા તે ઉપરાંત **પરિશિષ્ટ**માં જણાવ્યા મુજબ પ્રસ્તુત સમિતિમાં નવા બે સભ્યોનો સમાવેશ કરવો.

**(પરિશિષ્ટઃ ઘ )**

**૫૨.** મેડિકલ ફેકલ્ટીની તા. ૩–૧–૨૦૦૭ના રોજ મળેલ સભામાં પી.જી. મેડિકલ એન્ટ્રન્સઃ ૨૦૦૭ના રૂલ્સમાં કરેલ જરૂરી સુધારા વધારા અંગે વિચારણા કરવા બાબત.

(અનુસ્નાતક)

:: આથી ઠરાવવામાં આવે છે કે, મેડિકલ ફેકલ્ટીની તા. ૩–૧–૨૦૦૭ના રોજ મળેલ સભામાં પી.જી. મેડિકલ એન્ટ્રન્સઃ ૨૦૦૭ના રૂલ્સમાં કરેલ જરૂરી સુધારા વધારા સાથે મંજૂર કરવું.

**૫૩.** યુનિવર્સિટી કાર્યાલયના બાંધકામ વિભાગમાં હેલ્પર તરીકે ફરજ બજાવતાં શ્રી નાનુભાઈ બી. રાઠોડ તા. ૧–૬–૧૯૭૯ થી યુનિવર્સિટીમાં જોડાયા છે. તેઓએ સને ૧૯૯૫ બાદ તેઓની ફરજ દરમ્યાન આજ રોજ સુધી તેઓ ઘણીવાર કાર્યાલયની પૂર્વમંજૂરી વિના ફરજ પર વારંવાર ગેરહાજર રહ્યા છે. આ અંગે વખતો–વખત લેખિત યાદી આપવા છતાં આજદિન સુધી તેમની નિયમિતતાના વર્તનમાં કાર્યાલયને કોઈ સુધારો ન જણાતા તા.૧૨–૧૨–૨૦૦૬ના રોજ તેમને રૂબરૂ બોલાવતાં શ્રી રાઠોડે નોકરી પર હાજર થવાની અશકિત દર્શાવી તા. ૧૨–૧૨–૨૦૦૬ના પત્રથી તા. ૧૨–૧૨–૨૦૦૬ના કાર્યાલય સમય બાદથી અમલમાં આવે તે રીતે રાજીનામું મંજુર કરવા તેમજ તેઓનો નોટીસ પીરીયડ માફ કરવા કરેલ વિનંતી અંતર્ગત મંજૂર કરવાના માનનીય કુલપતિશ્રીના પગલાંની નોંધ લેવા બાબત.

(વહીવટી)

:: આથી ઠરાવવામાં આવે છે કે, મા. કુલપતિશ્રીના ઉપરોકત પગલાંની નોંધ લેવી.

**૫૪.** એજયુકેશન ઈન્સ્ટીટયૂટમાં ઈન્ટરનેશનલ સ્ટુડન્ટસ **(P.I.O.)** સહિતનાં પ્રવેશ માટે ૧૫% સુપરન્યુમરી સીટ પૈકી ૫% સીટ એન.આર.આઈ.નાં બાળકોથી ભરવા અંગે યુ.જી.સી.ના જોઈન્ટ સેક્રેટરીના તા.૧૨મી મે–૨૦૦૬ના પત્ર પર સિન્ડિકેટ નિમેલ પેટા સમિતિએ તેની તા. ૦૩–૦૧–૨૦૦૭ની સભામાં કરેલ નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત.

<u>**પેટાસમિતિની તા. ૦૩–૦૧–૨૦૦૭ની ભલામણ**</u>

:: આથી ઠરાવવામાં આવે છે કે, હાલ આપણી યુનિવર્સિટીમાં આ પ્રકારની વધારાની કે અનામત બેઠકો માટે રિઝર્વેશનની વ્યવસ્થા નથી માટે યુ.જી.સી.એ. તેના પત્રમાં જણાવ્યા પ્રમાણે ૧૫% સીટસ સુપર ન્યુમરરી **(P.I.O.)** માટે પૂર્વ સ્નાતક તેમજ અનુસ્નાતક કક્ષાએ રાખી શકાય આ પૈકી શકય હોઈ ત્યાં સુધી ૧/૩ (૫%) સીટ **N.R.I.** ઉમેદવારો માટે ફાળવવા અંગેની જોગવાઈ કરવા સિન્ડિકેટને ભલામણ.

(શૈક્ષણિક)

:: આથી ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત બાબતની વિચારણા મુલતવી રાખવી.

**અધ્યક્ષશ્રીની સંમતિથી નીચેની બાબતો રજૂ કરવામાં આવી હતી.**

**૫૫.** નિરંતર શિક્ષણ અને વિસ્તરણ કાર્ય વિભાગના ડૉ. અનસૂયાબેન ટી.શેઠ તા. ૧૪–૬–૨૦૦૭ના રોજ વય મર્યાદાને કારણે નિવૃત્ત થનાર હોવાથી તેણીને પેન્શન, ગ્રેજયુઈટી, લીવ એનકેશમેન્ટ વગેરે લાભો આપવા સબબ ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી, ગાંધીનગરના તા.૨૨–૧૨–૨૦૦૬ પત્ર ક્રમાંકઃ ૧૫/કપય/પેન્શન/ ૨૦૦૬/૩૭૮૨ના પત્ર પર વિચારણા કરવા બાબત.

(વહીવટી)

:: આથી ઠરાવવામાં આવે છે કે, નિરંતર શિક્ષણ અને વિસ્તરણ કાર્ય વિભાગના ડૉ.અનસૂયાબેન ટી. શેઠને ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી, ગાંધીનગરના તા.૨૨–૧૨–૨૦૦૬ પત્ર ક્રમાંકઃ ૧૫/કપય /પેન્શન/ ૨૦૦૬/૩૭૮૨ના પત્રની નોંધ લેવી અને તદ્‌નુસાર તેની જાણ અનસૂયાબેન શેઠને કરવી.

**૫૬.** યુનિવર્સિટી દ્વારા બી.સી.એ.ના અભ્યાસક્રમના કેન્દ્રીય પ્રવેશ માટેની સમિતિની રચના કરી શૈક્ષણિક વર્ષઃ ૨૦૦૬–૨૦૦૭થી પ્રથમ વર્ષ બી.સી.એ.માં કેન્દ્રીય પ્રવેશ આપવામાં આવ્યા હતા. આ સમિતિના કન્વીનર તરીકેની જવાબદારી શ્રી એ.જી. પટેલ (શ્રીમતી તનુબેન અને ડૉ. મનુભાઈ ત્રિવેદી કોલેજ ઓફ ઈન્ફોર્મેશન સાયન્સ, વાડીયા, સુરત) ને જવાબદારી સોંપવામાં આવી હતી.

કેન્દ્રીય પ્રવેશ માટેની વર્તમાનપત્રોમાં જાહેરાત યુનિવર્સિટી દ્વારા તા. ૨૬–૫–૨૦૦૬ના રોજ પૂનમ એડર્વટાઈઝીગ, સુરતને આપવામાં આવી હતી. તેના જાહેરાત ખર્ચના બીલની રકમ રૂા. ૩૭,૪૦૧/– નું ચુકવણું કન્વીનરશ્રી દ્વારા નહિ કરવામાં આવતા આ બીલોનું ચુકવણું કેન્દ્રીય પ્રવેશ સમિતિના ફોર્મ વેચાણની આવકના રૂા. ૯૮,૮૦૦/– માંથી કરવા અંગેની જાણ તા. ૧૦–૧૦–૨૦૦૬થી કરવામાં આવતા કન્વીનરશ્રી એ.જી. પટેલના તા. ૨–૧૧–૨૦૦૬ના પત્ર નં.: કે.પ્રવેશ/૦૬–૦૭/૨૩૬ થી જણાવ્યા મુજબ ફોમ વેચાણની આવક રૂા. ૯૮,૮૦૦/– માંથી રૂા. ૯૭,૮૦૦/– કોલેજની તિજોરીમાં રાખવામાં આવ્યા હતા, તે તા. ૮–૭–૨૦૦૬ના રોજ ચોરી થતાં ગૂમ થયેલા હોવાનું પત્રમાં જણાવે છે. અને રૂા. ૧,૦૦૦/– હાથ ઉપર રોકડ સિલક આકસ્મિક ખર્ચા માટે રાખવામાં આવી હતી, તે બચી છે.

આ અંગે ઉમરા પોલીસ સ્ટેશન, ફર્સ્ટ ગુન્હા રજીસ્ટર નં. ૪૩૧/૨૦૦૬, ઈ.પી.કો. કલમ ૪૫૪, ૪૫૭, ૩૮૦ મુજબ તા. ૯–૭–૨૦૦૬ના રોજ ફરીયાદ નોંધાવવામાં આવેલ છે.

| | | |
|---|---|---|
| ૧. | પૂનમ એડર્વટાઈઝ, સુરતમાં જાહેરાત ખર્ચના બીલ | રૂા. ૩૭, ૪૦૧/– |
| ૨. | સિગ્મા એડર્વટાઈઝ, સુરતમાં | <u>રૂા. ૩૪, ૯૦૩/–</u> |
| | (શ્રી એ.જી.પટેલ દ્વારા તા. ૧૦–૧૧–૦૬ થી મોકલેલ બીલ) | રૂા. ૭૨, ૩૦૪/– |

જાહેરાત ખર્ચના કુલ રૂા. ૭૨,૩૦૪/–ના ચુકવણાં અંગે તથા કન્વીનરશ્રી એ.જી.પટેલ દ્વારા કોલેજમાંથી ચોરાયેલા રૂા.૯૭,૮૦૦/– ની રકમની જવાબદારી નકકી કરવા અંગે વિચારણા કરવા બાબત.

(હિસાબી)

:: આથી ઠરાવવામાં આવે છે કે, પૂનમ એડર્વટાઈઝ, સુરત તથાં સિગ્મા એડર્વટાઈઝ, સુરતને જે તે જાહેરાતની રકમ યુનિવર્સિટીએ ચૂકવવી અને હવે પછી થી તમામ કેન્દ્રીય પ્રવેશ સમીતીઓ એ પ્રવેશ ફોર્મની રકમ કે અન્ય રકમ પોતાની પાસે ન રાખતાં બેંકમાં ખાતુ ખોલાવી નિયમિત પણે અચૂક જમાં કરવાં જણાવવું.

**૫૭.** કોમ્પ્યુટર સાયન્સ વિભાગના પ્રાધ્યાપક અને વડા ડૉ. અપૂર્વભાઈ એ. દેસાઈ દ્વારા **SPSS** અને **MATLAB** સોફ્ટવેર ખરીદવા અંગે મોકલેલ પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

(કોમ્પ્યુટર સાયન્સ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, **SPSS** અને **MATLAB** ના સોફ્ટવેરની ખરીદી માટે એક જ ડીલર હોય કવોટેશન મંગાવવા શકય ન હોય તે માટે ભાવતાલ કરી ખરીદી કરવા માનનીય કુલપતિશ્રીને સત્તા આપવામાં આવે છે.

યુનિવર્સિટી કાર્યાલય, સુરત
ક્રમાંકઃ એસ–૧ (૧)/ ૩૪૪૬/ ૨૦૦૭ **કુલસચિવ**
તા. ૧૬–૪–૨૦૦૭

પ્રતિ,
સિન્ડિકેટના સર્વે સભ્યશ્રીઓ……